
સ્વામિનારાયણ સત્સંગ પત્રિકા સમન્વિત

# સ્વામિનારાયણ પ્રકાશ

ફેબ્રુઆરી, ૨૦૨૪
વાર્ષિક લવાજમ રૂા. ૧૨૫/-



સાક્ષરભૂમિ નડિયાદમાં ભવ્ય શિખરબદ્ધ બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરમાં
પ્રગટ બ્રહ્મસ્વરૂપ શ્રી મહંત સ્વામી મહારાજના હસ્તે પ્રાણપ્રતિષ્ઠા...

**ભગવાન શ્રી રામ - શ્રી સીતાજી - શ્રી હનુમાનજી**



**ભગવાન શ્રી શિવ - શ્રી પાર્વતીજી - શ્રી ગણેશજી**



**ભગવાન શ્રી હરિકૃષ્ણ મહારાજ અને ભગવાન શ્રીકૃષ્ણ - શ્રી રાધાજી**



**સાક્ષરભૂમિ નડિયાદમાં નવનિર્મિત શિખરબદ્ધ બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરમાં પ્રગટ બ્રહ્મસ્વરૂપ શ્રી મહંત સ્વામી મહારાજના હસ્તે પ્રતિષ્ઠિત દિવ્ય ભગવત્ સ્વરૂપો...**



# સંપાદકીય

## સંકલ્પ થયા સાકાર...

### ક્રમિકા


૩. સંપાદકીય
૪ નડિયાદમાં નવનિર્મિત બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરનો ભવ્ય પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ
૧૮. ધરમપુર ખાતે મહંત સ્વામી મહારાજના હસ્તે શ્રીમદ્ રાજચંદ્ર મિશનના ભવ્ય રાજ સભાગૃહનું મંગલ ઉદ્ઘાટન
૨૨. નૂતન બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરોમાં મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ
૨૭. ભારતના સંરક્ષણ પ્રધાન શ્રી રાજનાથસિંહ બી.એ.પી.એસ. મંદિર, નિસડનની દર્શન-મુલાકાતે
૨૮. શ્રીરામજન્મભૂમિ મંદિરના અક્ષતકુંભનાં બી.એ.પી.એસ. મંદિરોમાં આનંદોલ્લાસપૂર્વક વધામણાં
૨૯. હિંમતનગર બી.એ.પી.એસ. મંદિરનો દશાબ્દી ઉત્સવ, સમૂહલગ્નોત્સવ
૩૦. દક્ષિણ ગુજરાતના બી.એ.પી.એસ. મંદિર સાંકરી ખાતે શાનદાર રીતે ઊજવાયો મંદિર સુવર્ણ મહોત્સવ
૩૧. અક્ષરવાસ
૩૨. બી.એ.પી.એસ. સંસ્થાના વિવિધ વૃત્ત


ગુણાતીત સત્પુરુષના સંકલ્પમાં દિવ્ય શક્તિ હોય છે. સમયનાં વહેણ વહી જાય તો પણ એમનો એ સંકલ્પ સાકાર થઈને જ રહે છે. બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજે સંકલ્પ કર્યો હતો કે નડિયાદની ઐતિહાસિક ભૂમિ પર એક ભવ્ય શિખરબદ્ધ મંદિર સાકાર થાય. આજે એ મંદિર સાકાર થઈને ડંકા વગાડી રહ્યું છે. એ જ રીતે રક્ષાબંધન, તા. ૧૬-૮-૧૯૮૯નો દિવસ પણ એક ઐતિહાસિક સાક્ષી પૂરે છે. સમગ્ર દેશમાં ચાલનારા ‘રામશિલાપૂજન’ના કાર્યક્રમનો પ્રારંભ તે દિવસે પ્રમુખસ્વામી મહારાજનાં કરકમળો દ્વારા થવાનો હતો. અયોધ્યામાં શ્રીરામજન્મભૂમિ પર નિર્માણ પામનારા શ્રીરામ મંદિરના પાયામાં રોપાનારી પ્રથમ રામશિલાનું પૂજન કરીને સ્વામીશ્રીએ વિશ્વ હિન્દુ પરિષદના અગ્રણી કાર્યકરોને અંતરના આશીર્વાદ આપતાં કહ્યું હતું: ‘આજે બળેવનો દિવસ છે. શ્રાવણ જેવો પવિત્ર મહિનો છે. સારી રીતે પૂજન થયું છે. આજે પ્રાર્થના કરીએ કે રામશિલા અયોધ્યામાં બેસે અને લાખો વર્ષ સુધી કોઈ એને ઉખાડી ન શકે. લાખોનું એ દ્વારા કલ્યાણ થાય એ માટે થોડી ધૂન કરી લઈએ.’ થોડી ધૂન કર્યા પછી પુનઃ સ્વામીશ્રી કહે, ‘જ્યાં કામ કર્યું છે ત્યાં કોઈ વિઘ્ન ન આવે. બધાની બુદ્ધિ સારી રહે અને કોઈ વિક્ષેપ ના રહે એના માટે ધૂન કરો.’ પછી કહે, ‘આપે બધાએ જે કામ કર્યું છે એમાં ભગવાન જરૂર ભળશે. બધી રીતે ભગવાન મુશ્કેલી દૂર કરશે. ભગવાન સ્વામિનારાયણ પણ અયોધ્યા પાસેના જ છે એમને પણ પ્રાર્થના કરીએ કે સૌને બળ-શક્તિ આપે.’ ત્યારપછી સૌને ગોળ-ધાણા આપતાં કહે, ‘મોટાં, આવાં ને આવાં ગળ્યાં કાયમ રહે. આખા ભારતનું કલ્યાણ કરવા ભગવાન આવ્યા છે તો કરશે જ.’ સ્વામીશ્રી જે આત્મવિશ્વાસ અને જુસ્સાથી બોલી રહ્યા હતા એમાં આ કાર્યની સફળતાનો રણકો ગુંજી રહ્યો હતો. આજે એ વાતને ૩૫ વર્ષ વીતી ગયાં છે. ૩૫ વર્ષ પહેલાં આજના દિવસની કોઈને કલ્પના પણ નહોતી. પરંતુ આજે સ્વામીશ્રીના એ તમામ શબ્દો સાકાર થયેલા અનુભવાય છે. ભગવાન શ્રીરામના ભવ્ય મંદિરની પ્રાણપ્રતિષ્ઠા વેળાએ એ આર્ષવાણીની સ્મૃતિ સાથે ભગવાન શ્રીરામનાં ચરણોમાં વંદન કરતાં હર્ષ અનુભવાય છે. ◆


॥ શ્રીસ્વામિનારાયણો વિજયતે ॥



ગુણાતીતોઽક્ષરં બ્રહ્મ ભગવાન્ પુરુષોત્તમઃ।
જનો જાનન્નિદં સત્યં, મુચ્યતે ભવબન્ધનાત્॥

**સ્વામિનારાયણ પ્રકાશ**

**વર્ષ : ૮૬, અંક : ૨,**
**ફેબ્રુઆરી, ૨૦૨૪**

**સંસ્થાપક:** બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજ સ્વામીશ્રી યજ્ઞપુરુષદાસજી
**પોષક :** બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ

સન ૧૯૩૮, શરદપૂનમથી પ્રારંભાયેલું, દર માસની ૧લી તારીખે પ્રકાશિત થતું, શીલ, સંસ્કાર, ભક્તિ-ઉપાસનાની પુષ્ટિ કરતું સંપ્રદાયનું સૌથી જૂનું સામયિક ‘સ્વામિનારાયણ પ્રકાશ’ બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાનું રજિસ્ટર્ડ મુખપત્ર છે. સન ૧૯૫૫થી સંસ્થાનું દર એકાંતર સોમવારે પ્રકાશિત થતું પાક્ષિક ‘સ્વામિનારાયણ સત્સંગ પત્રિકા’ ૪૫ વર્ષ બાદ ૨૦૦૧થી ‘સ્વામિનારાયણ પ્રકાશ’માં સંમિલિત કરવામાં આવ્યું છે.

**સ્વામિનારાયણ સત્સંગ પત્રિકા**
**સંસ્થાપક :** બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ સ્વામી જ્ઞાનજીવનદાસજી

**પ્રકાશક** : સાધુ કેશવજીવનદાસ
સ્વામિનારાયણ અક્ષરપીઠ
**તંત્રી** : સાધુ સ્વયંપ્રકાશદાસ
**પરામર્શકો** : સાધુ ઈશ્વરચરણદાસ,
સાધુ વિવેકસાગરદાસ
**સંપાદકો** : સાધુ અક્ષરજીવનદાસ,
સાધુ અક્ષરવત્સલદાસ
**કલાનિર્દેશક** : સાધુ શ્રીજીસ્વરૂપદાસ
**વ્યવસ્થાપક**: સાધુ નિખિલેશદાસ
**મૂળ વાર્ષિક લવાજમ** : રૂા. ૧૯૦/-
**ઘટાડેલું લવાજમ** : રૂા. ૧૨૫/-
**પરદેશમાં લવાજમ** : £ ૧૫ (યુરોપ)
: $ ૨૫(યુ.એસ.એ.)

**લેખો અંગે પત્રવ્યવહાર:**
**prakash@in.baps.org**
**‘પ્રકાશ-પત્રિકા’ સંપાદન કાર્યાલય,**
સ્વામિનારાયણ અક્ષરપીઠ,
અમદાવાદ - ૩૮૦ ૦૦૪.

**લવાજમ અંગે પત્રવ્યવહાર:**
**magazines@in.baps.org**
**‘પ્રકાશ-પત્રિકા’ લવાજમ કાર્યાલય,**
**સ્વામિનારાયણ અક્ષરપીઠ,**
**અમદાવાદ - ૩૮૦ ૦૦૪.**

**Website:**
**www.baps.org**
**magazines.baps.org**




નડિયાદમાં નવનિર્મિત

બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરનો ભવ્ય

# પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ





પૂર્વે નટપુર તરીકે ઓળખાતું આજનું નડિયાદ એટલે ગુજરાતની એક એવી વિરલ સાક્ષર ભૂમિ જ્યાં ૨૭૦ કરતાં વધુ પ્રસિદ્ધ સાક્ષરોએ જ્ઞાનની જ્યોત પ્રગટાવી છે.

નડિયાદ એટલે મહાપુરુષોની ભૂમિ. જ્યાં પૂજ્ય શ્રી સંતરામ મહારાજ, અને પૂજ્ય શ્રીમદ્ રાજચંદ્રથી લઈને અખંડ ભારતના ઘડવૈયા શ્રી સરદાર પટેલ જેવા મહાપુરુષોએ અધ્યાત્મ અને લોકસેવાની ધૂણી ધખાવી હતી.

પરબ્રહ્મ ભગવાન શ્રી સ્વામિનારાયણ અને ગુણાતીત ગુરુવર્યોની ચરણરજથી પાવન થયેલું ચરોતર પ્રાંતનું નડિયાદ શહેર સ્વામિનારાયણ સંપ્રદાયના અનેક ઐતિહાસિક પ્રસંગોનું એક અવિસ્મરણીય પુષ્પ રહ્યું છે.

આ એ જ શહેર છે, જ્યાં ઇંગ્લેન્ડથી કંઈક અરમાનો લઈને આવેલા ખ્રિસ્તી ધર્મગુરુ શ્રી બિશપ રેજિનાલ્ડ હિબરની ભગવાન શ્રી સ્વામિનારાયણ સાથે તા. ૨૫-૩-૧૮૨૬ના રોજ ઐતિહાસિક મુલાકાત થઈ હતી. ભગવાન સ્વામિનારાયણના પ્રભાવથી બિશપને સમજાઈ ગયું હતું કે હિન્દુઓનું ધર્માંતરણ કરાવવાનું અહીં શક્ય નથી.

આ એ જ શહેર છે, જ્યાં અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામી અને તેમના અનુગામી બ્રહ્મસ્વરૂપ ભગતજી મહારાજે સત્સંગ લાભ આપ્યો છે. ભગતજી મહારાજના સત્સંગથી આજથી લગભગ સવા સો વર્ષ પહેલાં આ શહેરમાં અક્ષરપુરુષોત્તમ ઉપાસનાનાં બીજ વવાયાં હતાં. શ્રી ઝવેરીલાલ મહેતા જેવા એ સમયના આદિ હરિભક્ત

ભગતજી મહારાજના કૃપાપાત્ર હતા.

આ એ જ શહેર છે, જ્યાં ભગવાન સ્વામિનારાયણના તૃતીય અનુગામી બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજે અનેકવાર સત્સંગની અમૃતવર્ષા કરી છે. આ જ ભૂમિ પર ગુજરાતના પ્રસિદ્ધ સાક્ષર અને વડતાલ કમિટીના સભ્ય શ્રી દોલતરામ કૃપારામ પંડ્યાએ, શાસ્ત્રીજી મહારાજને સંબોધીને અહીં શબ્દો ઉચ્ચાર્યા હતા: 'સ્વામી, જે કાર્ય કરવા શ્રીજીમહારાજને અવતાર ધરી ફરી આવવું પડે તે શુદ્ધ ઉપાસનાનું કાર્ય આપે કર્યું છે. આપની મહત્તા અપાર છે. આજે તો આપે મહારાજ અને સ્વામીની મૂર્તિઓ પધરાવી છે પણ ભવિષ્યમાં આપના શિષ્યો આપની સુવર્ણની મૂર્તિઓ પધરાવશે એટલી આપની મોટપ વધી જશે.'

આજથી લગભગ સો વર્ષ પહેલાં શાસ્ત્રીજી મહારાજ અને સદ્‌ગુરુ નિર્ગુણદાસ સ્વામીના કૃપાપાત્ર હરિભક્તો શ્રી રામચંદ્ર મયારામ ઠાકર અને તેમના બંધુઓ તથા પરિવારજનો, શ્રી વિઠ્ઠલભાઈ બારોટ, શ્રી છોટાભાઈ માસ્તર, ડૉ. શ્રી ગોરધનભાઈ, શ્રી બકોરભાઈ બ્રહ્મભટ્ટ, શ્રી ઘનશ્યામભાઈ, શ્રી વલ્લભભાઈ દેસાઈ, શ્રી રાવજીભાઈ, શ્રી જયદેવભાઈ વગેરેએ અક્ષરપુરુષોત્તમ ઉપાસનાના પ્રવર્તન માટે શાસ્ત્રીજી મહારાજનો ખૂબ પક્ષ રાખ્યો હતો.

આ એ જ ભૂમિ છે જ્યાં, યોગીજી મહારાજે ખૂબ આધ્યાત્મિક સુખ આપ્યું છે. શ્રી મહાદેવભાઈ દેસાઈ, શ્રી જમનાદાસ અમીન (બાપુજી), શ્રી કૃષ્ણાલાલ પટેલ જેવા શૂરવીર ભક્તરાજે સત્સંગનો ખૂબ ફેલાવો કર્યો અને સંસ્થાની અનેકવિધ સેવામાં મંડળને સક્રિય કર્યું. ગોંડલ અને બીજાં મંદિરોમાં અન્નકૂટ, શ્રમયજ્ઞ, અનાજ સાફસૂફી વગેરે સેવાયજ્ઞમાં નડિયાદ મંડળનું પ્રદાન હોય જ હોય. બાળ-યુવક પ્રવૃત્તિઓ, અધિવેશનો, મહોત્સવો હોય કે પછી મોટા સમૈયા હોય તેમાં નડિયાદ મંડળ મોખરે જ હોય. સત્સંગના આ ઉત્સાહભર્યા રંગથી યોગીજી મહારાજની ૭૭મી જન્મજયંતી શ્રી ઈશ્વરભાઈ દેસાઈને ત્યાં ઉજવાઈ. શ્રી ગોવિંદભાઈ (નીગોઝ) તથા ભાઈઓએ દવે પોળમાં જ ચાર માળનું મકાન વગેરે મિલકત અર્પણ કરી, જે મહિલા મંડળના મંદિર તરીકે ઉપયોગમાં આવ્યું.

આ શહેરની કેટલીક અદ્‌ભુત સત્સંગસ્મૃતિઓ આ રહી:

- સન ૧૯૫૯માં દેસાઈ વગામાં યોગીજી મહારાજે ભવ્ય પારાયણ કરી સત્સંગની પુષ્ટિ કરી.
- સન ૧૯૬૩માં સંતરામ મંદિરના વિશાળ ચોગાનમાં બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ અને સંતોના સાંનિધ્યમાં બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજે શ્રી સત્સંગિજીવનના ત્રીજા પ્રકરણ તથા સ્વામીની વાતું અને ભાગવતધર્મ ઉપર અદ્‌ભુત પારાયણ કરીને સૌને બ્રહ્મજ્ઞાન પીરસ્યું હતું.
- સન ૧૯૬૮માં બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજના સાંનિધ્યમાં શ્રી હરિલીલાકલ્પતરુનું પારાયણ યોજાયું હતું. બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજે કથામૃતનું સૌને પાન કરાવ્યું હતું. આ પ્રસંગે લબ્ધપ્રતિષ્ઠ ભાગવત કથાકાર પૂજ્ય શ્રી કૃષ્ણશંકર શાસ્ત્રીજીએ પણ કથામૃતનો લાભ આપીને સૌને મંત્રમુગ્ધ કરી દીધા હતા.
- સન ૧૯૬૮ના રોજ નડિયાદ ખાતે બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજની ૭૭મી જન્મજયંતી ધામધૂમથી ઊજવાઈ હતી. ગુજરાત રાજ્યના રાજ્યપાલ શ્રીમન્નારાયણે તથા મંત્રીશ્રી બાબુભાઈ જશભાઈ પટેલે કહ્યું, 'પરમ પૂજ્ય યોગીજી મહારાજે ભગવાન સ્વામિનારાયણનો આધ્યાત્મિક વારસો જીવંત રાખ્યો છે.' આ પ્રસંગે પ્રસિદ્ધ લોકસેવક શ્રી રવિશંકર મહારાજે પરમ પૂજ્ય સ્વામીશ્રીનો ખૂબ મહિમા કહ્યો હતો.
- આ એ જ ભૂમિ છે જ્યાં, અનેક વખત પધારીને બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજે અહીં લોકસેવાઓ અને સત્સંગની અભિવૃદ્ધિ કરી છે. શ્રી નગીનભાઈ દેસાઈ તથા તેમના પુત્રોએ નડિયાદમાં કૉલેજ રોડ ઉપર અર્પણ કરેલી ભૂમિ પર તા. ૨૭-૧-૧૯૮૨ના રોજ પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજે સ્થાપેલું સુંદર શિખરયુક્ત મંદિર અને સન ૧૯૯૧માં સંસ્કારયુક્ત શિક્ષણ માટે સ્થાપેલું બી.એ.પી.એસ. સ્વામિનારાયણ છાત્રાલય નડિયાદમાં સંસ્કારયુક્ત શિક્ષણ સાથે સતત આધ્યાત્મિક સ્પંદનો પ્રસરાવતા રહ્યાં છે.
- ત્યારબાદ વર્ષો વર્ષ પ્રમુખસ્વામી મહારાજ તેમજ મહંત સ્વામી મહારાજ અને સદ્‌ગુરુ સંતોએ અહીં પધારીને અહીંના સત્સંગવિકાસમાં ખૂબ મહત્ત્વનું યોગદાન આપ્યું. પ્રમુખસ્વામી મહારાજે અહીં ઊજવેલા અનેક ઉત્સવોમાં સન ૨૦૦૪માં ઊજવેલો ઉત્સવ અવિસ્મરણીય બની રહ્યો. તા. ૨૭-૩-૨૦૦૪ થી ૩૦-૩-૨૦૦૪ દરમ્યાન પ્રમુખસ્વામી મહારાજે, જ્યાં ભગવાન સ્વામિનારાયણ અને બિશપ રેજિનાલ્ડ હિબરની ઐતિહાસિક મુલાકાત યોજાઈ હતી તે સ્થળે સ્મૃતિમંદિર રચીને એ મુલાકાતને ચિરંજીવ બનાવી હતી. એ નિમિત્તે વિશ્વશાંતિ મહાયજ્ઞ, શોભાયાત્રા, નવયુવાનોનો ત્યાગાશ્રમ-દીક્ષા સમારોહ, ભગવાન સ્વામિનારાયણનો પ્રાગટ્યોત્સવ વગેરે અનેકવિધ ભવ્ય

કાર્યક્રમો દ્વારા સ્વામીશ્રીએ નડિયાદના આંગણે ભાવિ કલામંડિત શિખરબદ્ધ મંદિરનાં બીજ રોપી દીધાં હતાં.

## નડિયાદમાં નૂતન શિખરબદ્ધ મંદિરનાં મંડાણ

ચરોતર એટલે ભક્તિ અને સમર્પણનું અનોખું કેન્દ્ર. ચરોતરનું એવું એક અનોખું ઉદાહરણ એટલે નડિયાદ, જ્યાંથી સમર્પણ અને સેવા-ભક્તિની સરિતા સતત વહેતી રહી છે. અહીંના ભક્તોની ભક્તિ અને સેવાની લગનીથી પ્રસન્ન થઈને સન ૨૦૦૪માં પ્રમુખસ્વામી મહારાજે સંકલ્પ કર્યો હતો કે અહીં એક વિશાળ પરિસર સાથે ભવ્ય શિખરબદ્ધ મંદિરનું નિર્માણ કરવું છે. પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજના અત્યંત પુરુષાર્થ તેમજ પૂજ્ય સર્વમંગલદાસ સ્વામી, પૂજ્ય જનમંગલદાસ સ્વામી વગેરે સંતોના સતત વિચરણથી નડિયાદ અને આજુબાજુનાં ગામોમાં પ્રતિદિન અભિવૃદ્ધિ પામી રહેલા આ સત્સંગની જરૂરિયાતને પોષવા માટે પ્રમુખસ્વામી મહારાજે આ કલાત્મક શિખરબદ્ધ બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિર રચવાનો સંકલ્પ કર્યો હતો. આથી, એ સમયમાં જ નડિયાદ-પીપલગ માર્ગ પર જમીન મેળવવાનું કાર્ય આરંભાયું. પ્રમુખસ્વામી મહારાજની પ્રેરણા અને આશીર્વાદથી નડિયાદમાં પીપલગ માર્ગ પર પીપલગના સંનિષ્ઠ ભક્તરાજ શ્રી મનુભાઈ ઉમેદભાઈ પટેલે ભૂમિદાન કર્યું, ઉપરાંત પ્રવીણભાઈ શાહ (મ્વાન્ઝા), નિબોધભાઈ શાર્દૂલભાઈ પટેલ વગેરેએ મંદિરની આર્થિક-સેવામાં અનન્ય સહયોગ આપ્યો. સૌના સહિયારા પુરુષાર્થથી અહીં અન્ય ભૂમિ પણ સંપાદિત કરવામાં આવી. 'યોગીફાર્મ'ની આ વિશાળ ભૂમિ પર શિલાન્યાસવિધિના ઉપક્રમે ગર્તમાં પધરાવવામાં આવનાર શિલાઓ તથા નિધિકુંભનું પૂજન સારંગપુર ખાતે બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજનાં કરકમળો દ્વારા તા. ૨૨-૧૦-૨૦૧૫ના રોજ થયું હતું.

તા. ૧૩-૧૨-૨૦૧૫ના રોજ સવારે પૂજ્ય મહંત સ્વામી, પૂજ્ય ડૉક્ટર સ્વામી, પૂજ્ય ત્યાગવલ્લભદાસ સ્વામી, પૂજ્ય ભક્તિપ્રિયદાસ સ્વામી, પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામી તથા પૂજ્ય ઘનશ્યામચરણદાસ સ્વામી વગેરે વરિષ્ઠ સંતોની ઉપસ્થિતિમાં શિખરબદ્ધ મંદિરનો વેદોક્ત શિલાન્યાસવિધિ થયો હતો. આ સાથે જ નડિયાદ, ડભાણ, ઉત્તરસંડા, મહુધા, અલિન્દ્રા, મહેમદાવાદ, ઘોડાસર વગેરે ક્ષેત્રોના હરિભક્તો મંદિર નિર્માણકાર્યની સેવામાં અનન્ય ઉત્સાહ અને ભક્તિભાવથી જોડાઈ ગયા.

પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજના આશીર્વાદ અને પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામીના માર્ગદર્શન હેઠળ અમદાવાદ પ્લાનિંગ સેલ અને પૂજ્ય અક્ષયમુનિદાસ સ્વામી, સંજયભાઈ પરીખ, અને દેવદત્ત સોમપુરાએ જહેમત ઉઠાવી અને તેમના માર્ગદર્શન મુજબ મંદિરનાં એક પછી એક સોપાનો રચાતાં ગયાં. દિન-પ્રતિદિન આકાર લઈ રહેલા આ મંદિરના સેવાકાર્યમાં જયંતીભાઈ પટેલ, ડૉ. નીલભાઈ શાહ વગેરેએ ખૂબ સેવા કરી. મંદિરનિર્માણની સાથે સાથે મુખ્ય પ્રવેશદ્વાર, ક્ષેત્રિય કાર્યાલય, સંતનિવાસ, સભાગૃહ, ભોજનાલય, બુકસ્ટોલ, બાગ-બગીચા, શૌચાલયો વગેરેનું નિર્માણકાર્ય પણ માસ્ટર પ્લાન મુજબ થતું રહ્યું. અને સૌના સહિયારા પુરુષાર્થથી આઠ વર્ષમાં ૪૫ એકરમાં ફેલાયેલા કલાત્મક બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરના વિશાળ પરિસરનું નિર્માણ સંપન્ન થયું.

બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના સંકલ્પથી અને પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજની પ્રેરણાથી નડિયાદ ખાતે નિર્માણ પામેલું શિખરબદ્ધ બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિર ૨૪૦ ફૂટ લંબાઈ, ૧૩૧ ફૂટ પહોળાઈ અને ૭૯ ફૂટ ઊંચાઈ ધરાવે છે. વર્ષોથી અહીં સત્સંગનો કાર્યભાર સંભાળી રહેલા પૂજ્ય સર્વમંગલદાસ સ્વામીની આગેવાનીમાં સંતો-હરિભક્તોએ કરેલા નિઃસ્વાર્થ સેવા-સમર્પણભાવથી આ મંદિર એક લાખ ઘનફૂટ રાજસ્થાનના ગુલાબી પથ્થરમાંથી મહોરી ઊઠ્યું છે. આ મંદિર ૫ કલાત્મક કોતરણીયુક્ત શિખર, ૧ ઘુમ્મટ, ૧૧ ઘુમ્મટી, ૧૨ ઝરૂખા, ૩૨૪ આકર્ષક સ્તંભો, ૨૫૪ કલાત્મક તોરણો, ૩૬ અક્ષરદેરીની પ્રતિકૃતિ, ૧૩ ચતુષ્કોણીય સામરણ અને ૧૨૧૦ ફૂટ લંબાઈનો પ્રદક્ષિણા પથ ધરાવે છે.

ઉત્તર દિશાના આ મંદિરમાં ભગવાન શ્રીરામ પરિવાર તથા ભગવાન શ્રી શિવ પરિવારના ગર્ભગૃહોના મંડોવરો ભક્તોની મૂર્તિઓથી શોભે છે. મુખ્ય શિખરમાં અને ઝરૂખામાં ભગવાન શ્રીગણેશજીની અલગ અલગ મુદ્રામાં મૂર્તિઓ છે. મંદિરના ઘુમ્મટમાં ભગવાન સ્વામિનારાયણના સમકાલીન સંતો-ભક્તોની મૂર્તિ કંડારવામાં આવી છે.

આમ, એક સર્વાંગ સુંદર મંદિર તેના વિવિધ કાર્યકલાપો સાથે શોભી રહ્યું છે. વિશાળ સેવા-સત્સંગપ્રવૃત્તિઓ વચ્ચે ખીલેલું આ મંદિર એક ઉદાહરણ રૂપ તીર્થ બની રહ્યું છે.

પ્રાચીન શાસ્ત્રોમાં વર્ણવેલા પરંપરાગત મંદિર સ્થાપત્ય શાસ્ત્ર અનુસાર નિર્મિત આ કલાત્મક બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિર નડિયાદની ધરોહર બનીને હજારો વર્ષો સુધી અહીં દિવ્ય આધ્યાત્મિકતાનો ઉજાસ પ્રસરાવતું રહેશે. આવો, આ મંદિરના પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવની એક ઝલક મેળવીએ... ◆

## ■ નડિયાદના આંગણે સ્વામીશ્રીનું આગમન

તા. ૧-૧૨-૨૦૨૩ના રોજ પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ નડિયાદની પાવનકારી ભૂમિ પર પધાર્યા હતા. અહીં નવનિર્મિત શિખરબદ્ધ બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરમાં મૂર્તિપ્રતિષ્ઠા મહોત્સવના મંગલ અવસરમાં લાભ આપવા માટે સ્વામીશ્રીનું આગમન થયું હતું. નૂતન મંદિરના પ્રવેશદ્વાર સમક્ષ સ્વામીશ્રી પધાર્યા ત્યારે શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજની પાવન નિશ્રામાં પૂજ્ય કોઠારી ભક્તિપ્રિયદાસ સ્વામી, વડીલ સંતો અને પૂર્વ કેન્દ્રીયમંત્રી શ્રી દિનશાભાઈ પટેલે વેદોક્ત વિધિપૂર્વક પ્રવેશદ્વારનું પૂજન કરી, નાડાછડી છોડી તેનું અનાવરણ કર્યું હતું.

સ્વામીશ્રીના આગમનને વધાવતાં ગમનપથ પર પુષ્પ-પાંદડીઓની સુંદર રંગોળી સજાવી હતી. માર્ગની બંને બાજુ તેજ-પુંજ રેલાવતી કોઠીઓ પ્રકાશી રહી હતી. આતશબાજીથી ધરા ગુંજી ઊઠી. બાળકોએ પુષ્પવર્ષા કરીને તેમજ યુવકોએ બી.એ.પી.એસ.ના ધ્વજ લહેરાવી સ્વામીશ્રીને સત્કાર્યા. સભાગૃહમાં હજારો હરિભક્તો-ભાવિકોએ ગગનભેદી જયનાદોથી ઇષ્ટદેવ અને ગુરુદેવને આવકાર્યા. બાળ-યુવાવૃંદે *'કરીએ સ્વાગતમ્.... કરીએ સ્વાગતમ્...'* કીર્તન પર નૃત્ય કરી હરિ-ગુરુનું સ્વાગત કર્યું. સ્વાગત-કીર્તનને સમાંતરપણે નડિયાદના સંતોએ કલાત્મક હાર અર્પણ કરીને અક્ષર-પુરુષોત્તમ મહારાજ અને સ્વામીશ્રીને વંદન કર્યા. શ્રી પંકજભાઈ દેસાઈ (ધારાસભ્ય, નડિયાદ) અને સર્વમંગલદાસ સ્વામીએ હાર-શાલ અર્પણ કરીને સ્વામીશ્રીનું સ્વાગત કર્યું. શ્રી પંકજભાઈએ શબ્દસુમનથી સ્વામીશ્રીને આવકાર્યા હતા.

## ■ કળશ-ધજાદંડ પૂજન

તા. ૩-૧૨-૨૦૨૩ના રોજ, નડિયાદના શિખરબદ્ધ બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરનાં શિખરો પર સ્થાપિત થનારા સુવર્ણરસિત કળશો અને ધજાદંડોનું પૂજ્ય કોઠારી ભક્તિપ્રિયદાસ સ્વામી, પૂજ્ય ત્યાગવલ્લભદાસ સ્વામી, નારાયણમુનિદાસ સ્વામી, સર્વમંગલદાસ સ્વામી અને અન્ય વડીલ સંતોએ વેદોક્ત વિધિપૂર્વક પૂજન કર્યું હતું. પૂજનવિધિ બાદ સ્વામીશ્રીએ આરતી ઉતારી. આરતી બાદ પ્રત્યેક ધજાદંડ અને કળશોને સ્પર્શીને તેને પ્રસાદીભૂત કર્યા હતા. ધજાદંડના અગ્રભાગે ઝૂલતી ઘંટડીઓનો નાદ કરીને વિશેષ સ્મૃતિ આપી હતી.

અમરેલીના ખાખરીયા ગામના વતની શ્રી રવિભાઈ સુરેશભાઈ પટેલ(એમ.સી.એ.)ને આજે પાર્ષદી દીક્ષા આપતો પ્રસંગ યોજાયો હતો. દીક્ષા નિમિત્તેની મહાપૂજા અક્ષરચરણદાસ સ્વામીએ સંપન્ન કરી હતી. ત્યારબાદ મુખ્ય દીક્ષાવિધિ અંતર્ગત ત્યાગવલ્લભદાસ સ્વામીએ રવિભાઈને નૂતન કંઠી ધારણ કરાવી અને ઉપવસ્ત્ર ઓઢાડ્યું. તેમના પિતા અને ભાઈને હાર પહેરાવી સન્માન્યા. પૂજ્ય ભક્તિપ્રિયદાસ સ્વામીએ પાઘ પહેરાવી તથા બાહુ, છાતી અને ભાલે અર્ચા કરી. સ્વામીશ્રીએ ગુરુમંત્ર આપી 'ભરત ભગત' નામ ધારણ કરાવ્યું. તેમની પ્રાર્થના સુણી સ્વામીશ્રીએ આશીર્વાદ આપ્યા હતા.

આ અવસરે આશીર્વાદ આપતાં સ્વામીશ્રીએ કહ્યું: ''બધાને ધન્યવાદ છે અને પાર્ષદી દીક્ષા લીધી એમને પણ ધન્યવાદ છે. આપણો ડંકો વાગ્યા જ કરશે. આપણે આગળ ને આગળ વધતા જવાના છીએ. કળશ-ધજાદંડ એ શોભામાં અભિવૃદ્ધિ કરે છે. બધું સાનુકૂળ થઈ જશે. બધાને ધન્યવાદ છે. બધા તને-મને અને ધને સુખી થાઓ એ જ પ્રાર્થના.''

## ■ સત્સંગગાથા નગર નડિયાદની

તા. ૩-૧૨-૨૦૨૩ના રોજ સાયંકાળે ૫:૦૦ વાગ્યે 'યજ્ઞપુરુષ સભાગૃહ'માં મૂર્તિપ્રતિષ્ઠા મહોત્સવ નિમિત્તે નડિયાદ સત્સંગના ઇતિહાસને વર્ણવતી 'ગાથા નગર નડિયાદની' નૃત્યનાટિકા પ્રસ્તુત થઈ હતી, જેમાં નડિયાદ સાથેનો ભગવાન શ્રી સ્વામિનારાયણ અને ગુણાતીત ગુરુવર્યોનો સંબંધ વર્ણવાયો હતો. પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે સંતો અને હરિભક્તોની વચ્ચે બિરાજીને આ સમગ્ર નૃત્યનાટિકાને નિહાળી હતી.

અનેકવિધ પ્રસ્તુતિઓને નિહાળીને પ્રેક્ષકગણ નડિયાદના ભૂતકાળમાં સરી પડ્યો, જેમ જેમ ગાથાની રસધાર આગળ વધતી ગઈ તેમ તેમ નવી અને જૂની પેઢીનો પ્રેક્ષકગણ બી.એ.પી.એસ. સંસ્થાનો સત્સંગી હોવાનું ગૌરવ અનુભવવા લાગ્યો. ૧૬,૦૦૦ ભક્તો-ભાવિકોને નડિયાદી સત્સંગના ઇતિહાસમાં એકાકાર કરી દીધા હતા. નડિયાદના સત્સંગની ગાથા ગાતી આ નૃત્યનાટિકાનું લેખન પૂજ્ય આદર્શજીવનદાસ સ્વામીએ કર્યું હતું, જેની અદ્ભુત રજૂઆત નડિયાદના ૩૦૦ જેટલા બાળ-યુવાવૃંદે કરી હતી.

આ કાર્યક્રમમાં સંતરામ મંદિર તેમજ અન્ય મંદિરના સંતો, ભારતના સંચાર રાજ્યમંત્રી શ્રી દેવુસિંહજી ચૌહાણ તેમજ અન્ય સામાજિક અગ્રણીઓ અને પદાધિકારીઓ ઉપસ્થિત હતા. શ્રી દેવુસિંહજીએ હૃદયોર્મિઓ વહાવતાં કહ્યું, 'સરકાર શિક્ષણ સંસ્થાઓ બનાવે, આરોગ્યધામો બનાવે, પરંતુ નવી પેઢીને તૈયાર કરીને તેમાં સંસ્કાર અને મૂલ્યોનું સિંચન કરવાનું કાર્ય બી.એ.પી.એસ. સંસ્થાનાં આવાં મંદિરો કરી રહ્યાં છે. માત્ર ભારતમાં જ નહીં, પરંતુ યુ.એસ. કે યુ.એ.ઈ. જેવા દેશોમાં પણ આ સંસ્થાએ ભવ્ય મંદિરો



બનાવ્યાં છે. એ પરંપરાનું મંદિર, દિવ્ય સ્થાન, અધ્યાત્મ સંસ્કાર અને સનાતન ધર્મની સંસ્કૃતિની પરંપરાનું કેન્દ્ર અહીં થતાં નડિયાદના નગરજનો તરીકે આપણે તો સૌથી મોટાં ભાગ્યશાળી છીએ.'

## ■ વિશ્વશાંતિ મહાયાગ

નવનિર્મિત બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરમાં મૂર્તિપ્રતિષ્ઠા મહોત્સવના ઉપક્રમે તા. ૪ અને ૬ ડિસેમ્બર, ૨૦૨૩ના રોજ 'શ્રી સ્વામિનારાયણ વિશ્વશાંતિ મહાયાગ' યોજાયો હતો. યોગીફાર્મની ભૂમિ પર ૩,૦૦૦ યજમાનોની ક્ષમતા ધરાવતી વિશાળ યજ્ઞશાળા શાસ્ત્રીય પદ્ધતિથી રચવામાં આવી હતી, જેમાં મુખ્ય મંચ પર ૭ ઉપરાંત ખુલ્લા પરિસરમાં ૩૦૦ યજ્ઞકુંડ રચવામાં આવ્યા હતા. એક યજ્ઞકુંડ ચોતરફ ૧૦ યજમાન યુગલોએ બેસીને યજ્ઞવિધિનો લાભ લીધો હતો. સુશોભિત મંચ પર મુખ્યકુંડો ઉપરાંત મંદિરમાં પ્રતિષ્ઠિત થનાર મનોહર મૂર્તિઓ સૌને દર્શનદાન આપી રહી હતી.

વહેલી સવારથી જ યજમાન હરિભક્તો માંગલિક વસ્ત્રોમાં સજ્જ બનીને પોતપોતાના નિર્ધારિત કુંડ પર આસનસ્થ થયા. ૬:૦૦ વાગ્યે માંગલિક મુહૂર્તમાં પૂજ્ય શ્રુતિપ્રકાશદાસ સ્વામી, પુરોહિત શ્રી મૂકેશભાઈ શાસ્ત્રી અને અન્ય ભૂદેવોએ યજ્ઞનો પ્રારંભ કરાવ્યો. બ્રાહ્મણવૃંદના વેદમંત્રોનો ઘોષ સમગ્ર પરિસરમાં ગુંજવા લાગ્યો સાથે સાથે પ્રત્યેક યજમાનો વેદમંત્રોને અનુસરીને વિધિને અનુસરવા લાગ્યા. કેસરભીની સવારે વાતાવરણ દિવ્ય બની ગયું હતું.

પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ નિયત સમયે યજ્ઞશાળામાં પધાર્યા. મુખ્ય યજ્ઞકુંડની સમક્ષ સ્વામીશ્રી રથમાં જ આસનસ્થ રહ્યા. સર્વમંગલદાસ સ્વામી, ધર્મનિલયદાસ સ્વામી અને અક્ષરનયનદાસ સ્વામીએ સ્વામીશ્રીનું પૂજન કર્યું. શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજનાં પૂજનવિધિ પછી સ્વામીશ્રીએ મૂર્તિઓ તળે પધરાવવાનાં યંત્રોનું પૂજન ચંદન, પુષ્પ અને અક્ષતથી કર્યું. ત્યારબાદ પૂજ્ય ભક્તિપ્રિયદાસ સ્વામીએ અને પૂજ્ય ત્યાગવલ્લભદાસ સ્વામી મૂર્તિઓને ચાંદલો કરીને અક્ષત ચોડતા ગયા અને સંતો મૂર્તિઓના કાંડે રક્તસૂત્ર બાંધી પ્રત્યેક સ્વરૂપનાં ચરણે પુષ્પ પધરાવતા ગયા. પૂજાવિધિ બાદ સૌએ અક્ષરપુરુષોત્તમ મહારાજ અને પૂજિત મૂર્તિઓની આરતી ઉતારીને ઈષ્ટ સ્વરૂપોનાં ચરણે મંત્રપુષ્પાંજલિ પણ અર્પી.

સ્વામીશ્રીએ શબ્દાશિષ અર્પતાં કહ્યું: "આ બધું કાર્ય શાંત રીતે થઈ ગયું. નહીં તો વિઘ્ન ઘણાં આવવાનાં હતાં, (હવામાન વિભાગ તરફથી વરસાદની આગાહી હતી) પણ ભગવાને દયા કરી છે. બીજું, બધા તને-મને-ધને સુખી થાય અને જ્ઞાન-વૈરાગ્ય-ભક્તિ-સેવામાં ખૂબ આગળ વધે એ જ પ્રાર્થના કરવાની છે. જ્ઞાન અને સમજણ, જેનું અમૂલ્ય મૂલ્ય છે, એનાથી બધા સમૃદ્ધ થાય. અને આ જ કર્યા જેવું છે: ભક્તિ અને સેવા. એ આપણે પામી ગયા છીએ. શ્રીજીમહારાજે ખૂબ દયા કરી છે, આપણને બધી રીતે સમૃદ્ધ

કર્યાં છે. એવી રીતે તને-મને-ધને અને ભક્તિ-સેવાથી બધા સમૃદ્ધ થાય એ જ પ્રાર્થના.''

આશીર્વાદ બાદ સ્વામીશ્રી રથમાં એક એક યજમાનનાં સ્થાન સુધી દર્શન આપવા નીસર્યા. ગંગા જાણે કે તરસ્યાને આંગણે આવી! સૌ આવાં સરસ સમીપદર્શન પામી ધન્ય અને કૃતાર્થ થવા લાગ્યા. સ્વામીશ્રી પણ હરિભક્તોને દૃષ્ટિ દ્વારા સંકલ્પપૂર્તિના આશીર્વાદ અર્પતા ગયા. બંને સત્રમાં કુલ ૬,૦૦૦થી વધુ યજમાનો આ પવિત્ર યજ્ઞવિધિનો લાભ પ્રાપ્ત કરીને કૃતાર્થ થયા હતા.

અત્રે ઉલ્લેખનીય છે કે હવામાનમાં અચાનક પલટો આવતા વરસાદની આગાહી હતી. સંતોએ સ્વામીશ્રી સમક્ષ મૂંઝવણ રજૂ કરી કે જો સહેજ પણ વરસાદ પડે તો ભારે મુશ્કેલી થશે. કારણ કે સભાઓ અને ખાસ તો યજ્ઞ ખુલ્લામાં છે. તેથી સ્વામીશ્રીએ ભગવાનને પ્રાર્થના કરી 'વરસાદ નહીં પડે' તેવા આશીર્વાદ આપ્યા હતા. તે આશીર્વાદના બળે વાદળોની છાયામાં મહાયજ્ઞ નિર્વિઘ્ને સંપન્ન થયો હતો.

## ■ નડિયાદ નગરને પાવન કરતી ભવ્ય શોભાયાત્રા

તા. ૬-૧૨-૨૦૨૩ના રોજ વિશ્વશાંતિ મહાયજ્ઞના દ્વિતીય સત્રની પૂર્ણાહુતિ બાદ બપોરે ૨:૩૦ વાગ્યે નૂતન મંદિરમાં બિરાજમાન થનાર મૂર્તિઓની ભવ્ય શોભાયાત્રા વિવિધ કલાત્મક ફ્લોટ્સમાં નડિયાદના રાજમાર્ગો પર યોજાઈ હતી. નગરપાલિકા ભવનમાં હજારો હરિભક્તો અને અનેક સામાજિક અગ્રણીઓ, પદાધિકારીઓની ઉપસ્થિતિમાં સંતોએ શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજનું પૂજન કરીને, શ્રીફળ વધેરીને, ધજા ફરકાવીને જયનાદો સાથે આ શોભાયાત્રાને પ્રસ્થાન કરાવ્યું હતું.

આ શોભાયાત્રામાં વિવિધ ૭૫ જેટલી પ્રસ્તુતિઓ સૌના આકર્ષણનું કેન્દ્ર બની હતી. તેમાં અનુક્રમે બી.એ.પી.એસ.નાં ધ્વજ અને નિશાનડંકા લઈને ચાલતાં બાળ-યુવાવૃંદ, બુલેટ પર સાફાધારી યુવાનો, ઢોલ વગાડતું નાસિક ભક્તવૃંદ, કાષ્ઠની પાલખીમાં બિરાજમાન શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજ, મયૂરરથમાં શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજ, માળા-જાપ કરતું પદયાત્રી સંત-વૃંદ, કીર્તનોના તાલે નૃત્ય કરતું બાળ-કિશોરવૃંદ, આદિવાસી વાદ્યોના તાલે નૃત્ય કરતાં ઘોઘંબાના વનવાસી ભાઈઓ, વિવિધ બગીઓમાં બિરાજમાન સંતો, કીર્તનગાન કરતું સંતવૃંદ, પારંપરિક વેશમાં તીર-કામઠાં સાથે નૃત્ય કરતાં દાહોદના વનવાસી ભક્તો, ડમરુંરથમાં શ્રી શિવ-પાર્વતી-ગણપતિજી, બૅન્ડ સાથે નૃત્યની રંગત જમાવતું યુવાવૃંદ, મયૂરરથમાં શ્રી હરિકૃષ્ણ મહારાજ, બદલપુર ભજનમંડળી, હરિભક્તવૃંદ, મુક્તિનાથ રથમાં શ્રી નીલકંઠવર્ણી મહારાજ, પ્રેરણાત્મક સૂત્રોથી અંકિત બેનરો લઈને ચાલતું બાળવૃંદ, કીર્તન લલકારતાં ગ્રામ્ય





સત્સંગમંડળો, જુદા જુદા ગુરુરથોમાં વિરાજમાન ગુણાતીત ગુરુવર્યો દર્શનદાન આપતા હતા. સાથે સાથે ભક્તિનૃત્ય કરતું બાળ-કિશોરવૃંદ, હરિભક્તોનું પદયાત્રાવૃંદ જયઘોષ કરતું આગળ ધપી રહ્યું હતું.

મહિલા વિભાગમાં અશ્વરથમાં દર્શનદાન આપતા શ્રી ઘનશ્યામ મહારાજ, સાથે સાથે પોથી અને કળશને મસ્તક પર ધારણ કરીને ચાલતી મહિલાઓ, સિંહરથમાં શ્રી રાધા-કૃષ્ણ ભગવાન, કલાત્મક હંસરથમાં શ્રી સીતારામ-હનુમાનજી, ગુરુરથમાં બ્રહ્મસ્વરૂપ શ્રી ભગતજી મહારાજ દર્શનદાન આપતાં હતાં. મીરાંબાઈ, શબરી, રાણી લક્ષ્મીબાઈના પરિવેશમાં બાલિકાઓ, ભજનની રમઝટ બોલાવતી મહિલાઓ, ભક્તિરાસ રમતી યુવતીઓ, પ્રકૃતિ સંવર્ધનનાં સૂત્રો, સ્વચ્છતાનો સંદેશ આપતા ફ્લોટ્સ, ભજનિક બદલપુર મહિલામંડળ વગેરે અનેક ભક્તિભાવ ઉપજાવતાં માધ્યમોથી દર્શનીય બનેલી દોઢ કિલોમીટર લાંબી આ ભવ્ય અને દિવ્ય શોભાયાત્રાનો નજારો સૌનાં અંતરમાં અહોભાવ ઉપજાવતો હતો.

શ્રી સંતરામ મંદિર, શ્રી ભીડભંજન હનુમાન, શ્રી રામજી મંદિર અને શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ વગેરે સંસ્થાઓએ શોભાયાત્રાના રૂટમાં અલગ અલગ સ્થળોએ સ્વાગત કર્યું હતું. નગરપાલિકાથી પ્રસ્થાન થયેલી શોભાયાત્રા સરદાર સ્ટેચ્યૂ, સંતરામ મંદિર રોડ, પારસ સર્કલ, કૉલેજ રોડ, વાણિયા વડ સર્કલ, કિડની સર્કલ સુધીનું ૪.૫ કિ.મી.નું અંતર કાપીને સંધ્યા ટાણે નૂતન મંદિરમાં પહોંચી હતી. મંદિર પોડિયમ પર પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ અને વરિષ્ઠ સંતોએ આ શોભાયાત્રાનું સ્વાગત કર્યું હતું. ખૂબ વૈવિધ્યસભર અને ભક્તિસભર શોભાયાત્રા નિહાળીને તેઓ ખૂબ પ્રસન્ન થયા હતા. સૌ હરિભક્તોને સ્વામીશ્રીનાં દર્શન થતાં જ બધો થાક ઊતરી ગયો હતો અને અંતરમાં ધન્યતા અને આનંદની લાગણીઓ ઊભરી આવી હતી. આ ઘડીએ આતશબાજીએ પણ અનોખી રંગત જમાવી ત્યારે સૌ કોઈનાં હૈયાં ગાઈ રહ્યાં હતાં :

*રૂડી રથની શોભા રળિયામણી,*
*માંહી બેઠો રે નવરંગી નાથ,*
*ધન્ય ધન્ય ભાગ્ય આ ભોમનાં રે...*

## ■ પ્રાસાદ પ્રવેશ

તા. ૫-૧૨-૨૦૨૩ના રોજ, મૂર્તિપ્રતિષ્ઠા મહોત્સવના ઉપક્રમે મંદિરનો પ્રાસાદ પ્રવેશવિધિ થયો હતો. પૂજ્ય કોઠારી ભક્તિપ્રિયદાસ સ્વામી, પૂજ્ય ત્યાગવલ્લભદાસ સ્વામી, પૂજ્ય વિવેકસાગરદાસ સ્વામી અને અન્ય વડીલ સંતોની ઉપસ્થિતિમાં મંદિરના ઘુમ્મટ તળે વાસ્તુહોમ કરવામાં આવ્યો હતો. વૈદિક વિધિ અનુસાર સંતો-હરિભક્તોએ હોમવિધિ





કર્યો હતો. અંતમાં સૌએ હોમની આરતી ઉતારી હતી.

## ■ મૂર્તિપ્રતિષ્ઠાનો મંગલ અવસર

વિક્રમ સંવત ૨૦૮૦, કારતક વદ દશમ ને ગુરુવાર, તા. ૭-૧૨-૨૦૨૩નો શુભ દિન ચરોતરની પાવનકારી ભૂમિને વધુ એક નૂતન આધ્યાત્મિક ભેટ આપવા ઉદય પામ્યો હતો. એ અવસર હતો - બોચાસણ, મહેળાવ, આણંદ બાદ ચરોતરના આંગણે સાક્ષર નગરી નડિયાદની ભૂમિ પર પથ્થરમાંથી નવનિર્મિત શિખરબદ્ધ બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરમાં મૂર્તિઓની પ્રતિષ્ઠાવિધિનો. વળી, આજે તારીખ પ્રમાણે ગુરુહરિ પ્રમુખસ્વામી મહારાજનો ૧૦૨મો પ્રાકટ્ય દિન હતો, તેથી દેશ-પરદેશથી પધારેલા સંતો અને હજારો હરિભક્તોના હૈયે ઉત્સાહ-ઉમંગ-આનંદની ભરતી ચઢી હતી. સૌ કોઈ આ મંગલ અવસરને વધાવવા ઉત્સાહિત હતા.

મૂર્તિપ્રતિષ્ઠાનું પ્રથમ ચરણ વહેલી સવારના મંગલમય વાતાવરણમાં આરંભાઈ ચૂક્યું હતું. ધર્મચરણદાસ સ્વામી અને સર્વમંગલદાસ સ્વામીની ઉપસ્થિતિમાં મંદિરમાં પ્રતિષ્ઠા નિમિત્તેનો મહાપૂજા વિધિ થયો હતો. 'અભિષેક મંડપમ્'માં આનંદસ્વરૂપદાસ સ્વામીએ પૂજાવિધિ કર્યો હતો. મોટી સંખ્યામાં હરિભક્તો મહાપૂજામાં જોડાયા હતા.

નિયત સમયે સ્વામીશ્રી પ્રતિષ્ઠાવિધિ માટે પધાર્યા ત્યારે સૌએ જયજયકારોથી તેઓને વધાવ્યા. સૌનું અભિવાદન ઝીલીને સ્વામીશ્રી મધ્યખંડમાં શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજની સમક્ષ બિરાજ્યા. શ્રી ઘનશ્યામ મહારાજ સમક્ષ પૂજ્ય કોઠારી ભક્તિપ્રિયદાસ સ્વામી, શ્રી હરિકૃષ્ણ મહારાજ સમક્ષ પૂજ્ય ત્યાગવલ્લભદાસ સ્વામી અને શ્રી રાધાકૃષ્ણ ભગવાનની સમક્ષ પૂજ્ય વિવેકસાગરદાસ સ્વામી તથા શ્રી નીલકંઠવર્ણીની પ્રતિષ્ઠા માટે પૂજ્ય ડૉક્ટર સ્વામી અને પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામી ઉપસ્થિત હતા. ભગવાન સીતારામ-હનુમાનજી, ભગવાન શિવપાર્વતી-ગણેશજી તથા ગુરુપરંપરાના ખંડોમાં સ્થાપિત મૂર્તિઓમાં પ્રાણની પ્રતિષ્ઠા કરવા માટે વડીલ સંતો જોડાયા હતા.

માંગલિક મુહૂર્તમાં પ્રતિષ્ઠાવિધિ આરંભાયો. શ્રુતિપ્રકાશદાસ સ્વામીના માર્ગદર્શન હેઠળ મધુરવદનદાસ સ્વામી અને સંતોએ પ્રતિષ્ઠામંત્રો અને પ્રતિષ્ઠાવિધિનું ગાન કર્યું. ત્યારબાદ પ્રતિષ્ઠાનો પ્રધાન-સંકલ્પ થયો. ન્યાસવિધિનો સંકલ્પ થયો. અક્ષરપુરુષોત્તમ મહારાજનાં જે જે અંગોનો ઉલ્લેખ થતો ગયો ત્યાં ત્યાં સ્વામીશ્રી દર્ભશલાકાથી દિવ્ય સ્પર્શ કરતા ગયા. ત્યારબાદ સ્વામીશ્રીએ ભગવાન સ્વામિનારાયણ અને અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીના હૃદય પર અંગુષ્ઠ સ્પર્શથી પ્રાણનું આહ્‌વાન કર્યું. આ વિધિ દરમ્યાન 'પ્રતિષ્ઠત્વં પ્રતિષ્ઠત્વં અક્ષરપુરુષોત્તમ...' ઉચ્ચારણ કરીને દિવ્ય મૂર્તિઓ ઉપર અક્ષત પધરાવ્યા. ૧૧ પ્રકારની સેવાઓનો સંકલ્પ અને ૧૧ વખત ૐકારનો નાદ કરવામાં આવ્યો. મૂર્તિઓના કર્ણમાં ગાયત્રી મંત્રનો જપ કર્યો. અન્ય ખંડોમાં સંતોએ વિધિને અનુસરતા મૂર્તિઓનો પ્રતિષ્ઠાવિધિ કર્યો હતો.

બરાબર ૧૧:૦૯ વાગ્યે સ્વામીશ્રીએ સુવર્ણરસિત શલાકા મધમાં બોળીને અક્ષરપુરુષોત્તમ મહારાજનાં નેત્રોનું અનાવરણ કર્યું. ત્યારબાદ સ્વામીશ્રી સહિત સૌ સંતોએ મૂર્તિઓની સન્મુખ દર્પણ ધરીને ભગવાનને મુખારવિંદનું દર્શન કરાવ્યું. આ ક્ષણોને વધાવતાં સૌએ કરેલા જયઘોષોથી મંદિર અને મંદિર પરિસર ગુંજી ઊઠ્યું. પ્રતિષ્ઠાવિધિના અંતે સ્વામીશ્રીએ અક્ષરપુરુષોત્તમ મહારાજનું પૂજન કર્યું ત્યારે મધુરવદનદાસ સ્વામીએ સ્વરચિત નૂતન શ્લોકનું ગાન કર્યું. પૂજન બાદ સ્વામીશ્રીએ કર જોડી પ્રાર્થના કરી કે 'જ્યાં સુધી પૃથ્વીનું તળ છે... જ્યાં સુધી સૂર્ય-ચંદ્ર તપે છે ત્યાં સુધી આપ અહીં વિરાજી સૌને સુખ આપજો. અહીં સેવા કરનાર તમામને આશીર્વાદથી કૃતાર્થ કરજો.' ત્યારબાદ સ્વામીશ્રીએ પ્રત્યેક ખંડમાં પધારી, મૂર્તિઓનું પૂજન કરીને વિશેષ ભક્તિભાવ અર્પ્યો હતો. સાથે સાથે પ્રતિષ્ઠાવિધિનો લાભ લઈ રહેલા હરિભક્તોને દૃષ્ટિ દ્વારા, કરનાં લટકાં કરીને સુખ આપ્યું. વહેલી સવારથી પોડિયમ નીચે બેઠેલા દર્શનાતુર હરિભક્તોને દર્શન આપીને સ્વામીશ્રી 'અભિષેક મંડપમ્'માં પધાર્યા. નીલકંઠવર્ણીનું ચાંદલા, અક્ષત અને અર્ચા વડે પૂજન કર્યું. નીલકંઠવર્ણીનાં બંને ચરણ પર પણ ચાંદલા કર્યા. નીલકંઠવર્ણીનો પ્રથમ અભિષેક કરીને સૌની સુખાકારી માટે પ્રાર્થના કરી. ત્યારબાદ અહીં વિરાજિત ભગતજી મહારાજ, શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજ અને પ્રમુખસ્વામી મહારાજનું વેદોક્ત વિધિપૂર્વક ખૂબ ભાવથી પૂજન કર્યું હતું.

પુનઃ હરિભક્તોને દર્શન આપતાં સ્વામીશ્રી મંદિર પર પધાર્યા ત્યારે ત્રણેય ખંડોમાં જાતજાતની અને ભાતભાતની વાનગીઓનો અન્નકૂટ ભગવાનને ધરાવવામાં આવ્યો હતો. સ્વામીશ્રીએ ભક્તિભાવથી ભગવાનને થાળ જમાડ્યો. ત્યારબાદ સ્વામીશ્રી અને સંતો-હરિભક્તોએ પ્રતિષ્ઠિત મૂર્તિઓની પ્રથમ આરતી ઉતારી. શંખનાદ અને આતશબાજીના ગગનભેદી સ્વરો ગુંજી ઊઠ્યા. આરતીની પૂર્ણતાએ સ્વામીશ્રી અને સૌએ ઠાકોરજીનાં ચરણે મંત્રપુષ્પાંજલિ સમર્પિત કરી.

અંતે, પ્રાર્થનાપૂર્વક નમસ્કાર, ક્ષમાપનમ્, સંપૂર્ણતા

વાંચનમ્ અને ઉત્તર સંકલ્પ થયા. હવે સમય હતો લોકાર્પણનો. સ્વામીશ્રીએ તે માટે 'ઉત્સર્જન સંકલ્પ' કર્યો કે 'અહીં સેવા કરનાર તમામનું પૂર્વજો સહિત કલ્યાણ થાય. સૌને અક્ષરધામ પ્રાપ્ત થાય. સૂર્ય-ચંદ્ર તપે ત્યાં સુધી સૌને આ મંદિરમાં અક્ષરપુરુષોત્તમ મહારાજ દર્શન આપે. આ મંદિર નાત-જાત કે કોઈપણ પ્રકારના ભેદભાવ વગર તમામ માટે છે...' હરિભક્તો પર આશીર્વાદરૂપે વરસાવાતા અક્ષત સ્વામીશ્રીએ પ્રસાદીના કરી આપ્યા. તે સંતોએ સૌ હરિભક્તો પર અભિષિક્ત કર્યા.

અક્ષરપુરુષોત્તમ મહારાજ અને ગુણાતીત ગુરુવર્યોના જયજયકારો સાથે પ્રતિષ્ઠાવિધિ સંપન્ન થયો. સૌના અંતરનો વર્ષોનો સંકલ્પ પરિપૂર્ણ થયો, કોઈપણ પ્રકારનાં વિઘ્ન વગર! તે બદલ સ્વામીશ્રીનો ખૂબ ખૂબ આભાર માનતા સમગ્ર બી.એ.પી.એસ. પરિવાર વતી પૂજ્ય ભક્તિપ્રિયદાસ સ્વામીએ અને સમગ્ર ચરોતરના સત્સંગ વતી પૂજ્ય ત્યાગવલ્લભદાસ સ્વામીએ કલાત્મક હાર અર્પણ કર્યા. નડિયાદ સત્સંગ વતી કોઠારી પૂજ્ય સર્વમંગલદાસ સ્વામી, પરમવત્સલદાસ સ્વામી, અક્ષરનયનદાસ સ્વામી અને અક્ષયમુનિદાસ સ્વામીએ ભાતભાતના હાર અર્પણ કરીને આશિષ લીધા. પૂજારી અને ભંડારી સંતોએ પણ હાર પહેરાવી આશિષ લીધા. આ મંદિરની જમીન સંપાદિત કરવામાં સહયોગ આપનાર જૈમિનભાઈ રમેશભાઈ પટેલ(લાલાભાઈ)ને પ્રસાદીનો હાર પૂજ્ય ત્યાગવલ્લભદાસ સ્વામીએ પહેરાવી સન્માન્યા. સ્વામીશ્રીએ ખૂબ રાજી થઈને મસ્તક પર હાથ મૂકી તેમને આશીર્વાદ અર્પ્યા.

મૂર્તિપ્રતિષ્ઠાના શુભ અવસરે આશીર્વાદ વરસાવતાં સ્વામીશ્રીએ જણાવ્યું: ''પ્રતિષ્ઠાનું કામ પૂરું થયું અને મહારાજ-સ્વામીનો જયજયકાર થઈ ગયો, પણ હવે નિષ્ઠા પ્રવર્તાવવાની છે, અને એ તો ચાલુ જ રહેવાનું છે - યાવચ્ચંદ્રદિવાકરૌ! હવે જે મૂર્તિઓ બેસી છે એનાં ગુણગાન ગાવાનાં છે, ગમે એટલાં એમનાં ગુણગાન ગાઓ તોય એ ખૂટવાનાં નથી.

આ બધા જેટલા આવ્યા છે, જેણે જેણે સહકાર આપ્યો છે તે બધા તને-મને-ધને સુખી થાય અને ભક્તિમાં વૃદ્ધિ પામે એ પ્રાર્થના.''

પ્રતિષ્ઠા પ્રસંગે શ્રી પંકજભાઈ દેસાઈ (નડિયાદ ધારાસભ્ય) વગેરે મહાનુભાવો તથા પ્રવીણભાઈ શાહ (આફ્રિકા) વગેરે મુખ્ય સેવાઓ કરનાર હરિભક્તો પણ ઉપસ્થિત હતા. તે સૌનો નામોલ્લેખ કરીને હારતોરાથી સન્માનવામાં આવ્યા હતા.

## ■ પ્રાસંગિક સમારોહ

સાયંકાળે ૫:૦૦ વાગ્યાથી 'યજ્ઞપુરુષ સભાગૃહ'માં પ્રમુખસ્વામી મહારાજ જન્મજયંતી મહોત્સવ અને નડિયાદ મંદિર મૂર્તિપ્રતિષ્ઠા મહોત્સવના ઉપક્રમે વિશિષ્ટ સમારોહ યોજાયો હતો. ધૂન-કીર્તન અને સ્તુતિગાનથી સમારોહનો પ્રારંભ થયો. ત્યારબાદ *'યે મંદિર મેરા...'* કીર્તનની પંક્તિઓ પર બાળ-યુવાવૃંદે ભક્તિનૃત્ય કર્યું. આ પંક્તિનૃત્યની સાથે સાથે વિવિધ માધ્યમો દ્વારા સમગ્ર કાર્યક્રમ એકસૂત્રતામાં ગૂંથાતો ગયો. તેમાં વિષયને સુસંગત સંતોનાં પ્રવચનો અને તેને અનુરૂપ વીડિયો દર્શનનો દોર આરંભાયો. ધર્મનિલયદાસ સ્વામીએ 'મંદિરમાં બાળકો-યુવકોનું યોગદાન' વિષય પર પ્રવચન કર્યું. મંદિર દ્વારા કેવાં બાળકો તૈયાર થાય છે તે 'નિયમ-ધર્મની દૃઢતા' સંવાદ દ્વારા દર્શાવાયું. આ વર્તનનું મૂળ 'સત્પુરુષે બાળકો-યુવકોને આપેલો પ્રેમ છે' તે વીડિયો દ્વારા નિદર્શિત થયું. જનમંગલદાસ સ્વામીએ 'સત્સંગના પાયામાં વડીલોનું યોગદાન' વિષય પર સ્વાનુભૂત પ્રસંગોનું આચમન કરાવ્યું. તેને અનુરૂપ 'સત્પુરુષે વડીલોને આપેલો સ્નેહ' વીડિયો અનુભૂતિ કથન દ્વારા રજૂ થયો. પૂજ્ય ડૉક્ટર સ્વામીએ પ્રેરણાબોધમાં 'પ્રમુખસ્વામી મહારાજ અને મહંત સ્વામી મહારાજે આપણા માટે ઘણું ઘણું કર્યું, હવે આપણો વારો છે. તો તેઓને અંજલિ કેવી રીતે આપીશું?' તેના પર પ્રકાશ પાથર્યો હતો. આ મંદિરના નિર્માણમાં સેવા-સહકાર આપનારાઓનું આભારદર્શન નડિયાદ મંદિરના કોઠારી સર્વમંગલદાસ સ્વામીએ કર્યું હતું.

આભારદર્શન બાદ હિન્દુત્વની શાન સમા આ મંદિરને ભક્તિ-અંજલિ *'હમ સનાતની હિન્દુ હમારી મંદિર હૈ પહેચાન...'* કીર્તન પર ભક્તિનૃત્ય દ્વારા અપાઈ હતી. પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામીએ 'સાધુતાના આદર્શ પ્રમુખસ્વામી મહારાજ' વિષયક ઉદ્‌બોધનનો લાભ આપ્યો હતો. મંદિર મહોત્સવની સાથે સાથે ગુરુહરિ પ્રમુખસ્વામી મહારાજના ૧૦૨મા પ્રાકટ્યદિને તેઓનાં પરોપકારી જીવન, અજોડ કાર્યો અને દિવ્ય સંદેશને આજના કાર્યક્રમમાં પ્રકાશિત કરીને ભાવાંજલિ અપાઈ હતી.

આજના સમારોહમાં ઉપસ્થિત પૂજ્ય જગતગુરુશ્રી અવિચલદાસજી મહારાજ (કૈવલજ્ઞાનપીઠાધીશ્વર, સારસાપુરી), માનનીય મુખ્યમંત્રીશ્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, સહકારી મંત્રીશ્રી જગદીશભાઈ વિશ્વકર્મા, નડિયાદના ધારાસભ્ય શ્રી પંકજભાઈ દેસાઈ, ધારાસભ્ય શ્રી અર્જુનસિંહ ચૌહાણ (મહેમદાવાદ), ધારાસભ્ય શ્રી સંજયસિંહ મહિડા (મહુધા), ધારાસભ્ય શ્રી કલ્પેશભાઈ પરમાર (માતર),

ધારાસભ્ય શ્રી યોગેન્દ્રસિંહ પરમાર (ઠાસરા) વગેરે મહાનુભાવોનું સંતોએ હારતોરા વડે સ્વાગત-સન્માન કર્યું હતું. સ્વામીશ્રીએ આશીર્વાદ અર્પ્યા હતા. બ્રહ્મવિહારીદાસ સ્વામીએ મહાનુભાવોનું શબ્દ-સ્વાગત કર્યું હતું.

ગુજરાતના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે આ પ્રસંગે હૃદયોર્મિઓ વહાવતાં કહ્યું, ''મંદિર ઈશ્વરનું ધામ છે, પ્રભુને પામવાનું સ્થાન છે, પરમેશ્વરની ભક્તિ-આરાધના અને ઉપાસનાનું કેન્દ્ર છે. નડિયાદમાં બનેલું આ મંદિર ધર્મ-ઉપાસના અને સંસ્કૃતિનું કેન્દ્ર બની રહેશે.

સંત, શાસ્ત્ર અને મંદિર આ ત્રણ ભારતીય સંસ્કૃતિ, હિન્દુ ધર્મના મુખ્ય આધાર સ્તંભ છે. હજારો વર્ષ સુધી વિદેશીઓનાં શાસનકાળ છતાં ભારતીય જ્ઞાન અને ઉપાસના પદ્ધતિઓ અટલ રહી. તેની પાછળનું કોઈ કારણ હોય તો એ ભારતની સંત-પરંપરા, શાસ્ત્ર-પરંપરા અને મંદિર-પરંપરા છે. ગુજરાતમાં આ ભાગવત પરંપરાનો અનેરો ત્રિવેણી સંગમ રચનાર અને હજારો-લાખો માનવીઓને સદાચાર અને ભક્તિના માર્ગે લઈ જનાર ભગવાન શ્રી સ્વામિનારાયણ હતા. ભગવાન સ્વામિનારાયણ દ્વારા સ્થપાયેલી ઉપાસનાની અનોખી રીત બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંપ્રદાયમાં જોવા મળે છે. બી.એ.પી.એસ.ના સંતો-હરિભક્તો-યુવકો અને બાળકોની અમીટ છાપ જનમાનસ પર છે.

શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજ અને પ્રમુખસ્વામી મહારાજે આ સંસ્થાના મજબૂત પાયા નાખ્યા છે. ન માત્ર ગુજરાત કે ભારત, પરંતુ સમગ્ર વિશ્વમાં ભગવાન સ્વામિનારાયણના સિદ્ધાંતો તથા હિન્દુ ધર્મનું ગૌરવ અને અસ્મિતા વધારવામાં બી.એ.પી.એસ.નો અનન્ય ફાળો છે. અમેરિકામાં અક્ષરધામ અને આરબોની ધરતી એવા યુ.એ.ઈ. દેશમાં સ્વામિનારાયણ હિન્દુ મંદિર એ બી.એ.પી.એસ. સંસ્થાની ભક્તિ અને શક્તિનું પરિણામ છે.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી પ્રમુખસ્વામી મહારાજ પ્રત્યે ખૂબ જ અનુરાગ અને ભક્તિભાવ ધરાવે છે. પૂજ્ય મહંત સ્વામી મહારાજ પ્રત્યે પણ તેમને ખૂબ આદરભાવ અને પ્રીતિ છે. અમારા ઉપર પણ આ સંતોના આશીર્વાદ છે.

બી.એ.પી.એસ. સંસ્થા વિદેશમાં મંદિરોનું નિર્માણ કરી, ત્યાં સત્સંગ અને સભાઓ કરી આપણી સંસ્કૃતિ અને મૂલ્યોને જાળવી રાખવાનું મોટું કામ કરી રહી છે. વર્તમાન સમયમાં મહંત સ્વામી મહારાજ નવા જુસ્સા સાથે સત્સંગ પ્રવૃત્તિને આગળ ધપાવી રહ્યા છે. અમદાવાદમાં ગયા વર્ષે પ્રમુખસ્વામી મહારાજના જન્મ-શતાબ્દી વર્ષ નિમિત્તે 'પ્રમુખસ્વામી નગર' તમે સૌએ તૈયાર કર્યું હતું. મને પણ આ મહોત્સવમાં વિવિધ પ્રદર્શનો જોવા અને માણવાનો લહાવો મળ્યો હતો. જાણે ધરતી પર સ્વર્ગની જેમ ઈશ્વરનું ધામ ઊતરી આવ્યું હોય એવું નગર તમે કર્યું હતું. ત્યાંનું મૅનેજમૅન્ટ, સ્વચ્છતા, આયોજન, પ્રદર્શન અદ્‌ભુત હતાં.

મંદિરો આપણી વિરાસત છે. ભારતની સંસ્કૃતિનાં કેન્દ્રો છે. લોકોના જીવનને ધબકાર આપતાં જીવન કેન્દ્રો છે. આપણી આધ્યાત્મિકતાનું કેન્દ્રબિંદુ છે. નડિયાદનું નૂતન સ્વામિનારાયણ મંદિર હોય કે સેંકડો વર્ષ જૂનું અયોધ્યાનું પ્રભુ શ્રી રામજીનું મંદિર હોય, આ બધાં દેવાલયો આપણી અસ્મિતા અને ઊર્જાનાં સ્રોત છે. આવનારી પેઢી વિકસિત ભારતના નિર્માણમાં અગ્રિમ યોગદાન આપે, ભારતીય સત્ત્વ અને તત્ત્વને જાળવીને પ્રગતિનો માર્ગ કંડારે તે માટેની પ્રેરણા આ મંદિરો કાયમ આપતાં રહેશે. એવા વિશ્વાસ સાથે વિરમું છું.''

જગતગુરુશ્રી કૈવલજ્ઞાનપીઠાધીશ્વર પૂજ્ય અવિચલદાસજી મહારાજે આશિષવચનોમાં મંદિર અને બી.એ.પી.એસ. સંસ્થાની સેવાપ્રવૃત્તિઓને બિરદાવતાં કહ્યું: ''દેશ-વિદેશમાં માત્ર મંદિરો જ નહીં; પરંતુ સમાજને સંસ્કાર આપીને સાચા ધાર્મિક, સાચા અનુયાયી, સત્સંગી બનાવવાનો જે પુરુષાર્થ બી.એ.પી.એસ. સંસ્થા દ્વારા થયો છે એ ખરેખર બહુ જ પ્રશંસનીય છે, કારણ કે તેમનામાં હિન્દુ સંસ્કૃતિ પ્રત્યે પ્રીતિ છે, આદર છે, ભાવ છે, પરંપરાનું અનુસરણ એ પરિવારોમાં થઈ રહ્યું છે. હું એમ ચોક્કસ કહીશ કે આ સંસ્થાના સંતોએ એમના સંસર્ગમાં, એમના પ્રભાવમાં આવેલા સત્સંગીઓને આ સંસ્કારથી પરિદૃઢ કરી દીધા છે. આ એક અનુકરણીય કાર્ય કર્યું છે. આ દિશામાં જે પ્રયત્ન આ સંસ્થાના સંતો કરી રહ્યા છે એ બધાને હું હૃદયથી ખૂબ ખૂબ અભિનંદન આપું છું. ખૂબ ખૂબ ધન્યવાદ આપું છું.

હિન્દુસ્તાનમાં જે ધર્મ-સંપ્રદાયોનો જન્મ થયો એ તમામ હિન્દુ છે, પછી વૈદિક હોય કે અવૈદિક. સ્વામિનારાયણ સંપ્રદાય તો વૈદિક છે! અમે જે રીતે નિરીક્ષણ કરીએ છીએ એ પ્રમાણે આપણી આ શાસ્ત્રીજી મહારાજ દ્વારા પ્રારંભ થયેલી સંસ્થા, તેની વ્યવસ્થા, તેની દીર્ઘદૃષ્ટિ, તેનું આયોજન ખૂબ વિશેષ છે. અને સૌથી મોટી વાત તો એ છે આ સંતોનો બધાય લોકો સાથેનો સરળતાપૂર્ણ વ્યવહાર છે.

આ દુનિયામાં અસત્ય કરતાં સત્યનો જ વધારે વિરોધ થાય છે. પણ હવે આખી દુનિયાને દેખાય છે, અમને શું? હું તો કહું છું જે જે લોકો આમનો વિરોધ કરતા હોય એમણે આનું અનુકરણ કરવાની જરૂર છે, આનો અભ્યાસ કરવાની જરૂર છે. આ સંસ્થા સનાતન ધર્મના, હિન્દુ ધર્મના એક





આદર્શ તરીકે વિશ્વમાં સુપ્રસિદ્ધ છે. એના સંતોને, કાર્યકર્તાઓને, દાતાઓને હું ખૂબ ખૂબ અભિનંદન આપું છું, એમનું અભિવાદન કરું છું.

બી.એ.પી.એસ. સંસ્થાની આટલી બધી સફળતાનું એક જ કારણ છે કે ભક્તોમાં વિનમ્રતા (દીનતા) છે. ગમે એટલી સેવા કરે, પણ અહંકાર નથી આવતો, એ મહત્ત્વનું છે.

ગુરુમહારાજ કહે છે કે દયા, ક્ષમા, દીનતા અને બીજાનાં દુઃખને દૂર કરવાની ભાવના એ સાચો હરિભક્ત છે. અને એવું શિક્ષણ તમને બધાને અહીં પ્રાપ્ત થાય છે. એના કારણે આ બી.એ.પી.એસ. સંસ્થાની આટલી પ્રગતિ છે. તમારા સંસ્કાર છે, પણ એ સંસ્કારનું સિંચન કરનારા આ સંતો છે.

શાસ્ત્રો કૂવા જેવાં છે. ભૂગર્ભ જળ જેવાં છે, એમાંથી પાણી બહાર કાઢીને સિંચવાનું કામ આ સંતો કરે છે. શાસ્ત્રોમાંથી વીણી વીણીને બહાર લાવે છે અને આ ભક્તોમાં એ પ્રવાહિત કરે છે ત્યારે હરી-ભરી ભક્તોની સંસ્કારરૂપી ખેતી આપણી નજરે પડે છે. એટલે આ સંસ્થાના સંતોના પુરુષાર્થને પણ હું વારંવાર બિરદાવું છું.

આજે પ્રમુખસ્વામી મહારાજના ૧૦૨મા જન્મદિવસ નિમિત્તે આ ભવ્ય કાર્યક્રમનું આયોજન થયું છે. આવી પરંપરા શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજ, પ્રમુખસ્વામી મહારાજ અને વર્તમાનમાં પૂજ્ય મહંત સ્વામી મહારાજ, આ બધા સંતોના આશીર્વાદ, આ સંતોનો પુરુષાર્થ અત્યારે આ બધો રંગ લાવ્યો છે.

સત્ય કદી ખરીદાતું જ નથી, જૂઠ હોય તો જ ખરીદાય! પ્રમુખસ્વામી મહારાજની સાથે પણ મારે ખૂબ ઘનિષ્ઠ પરિચય. ઘણા કાર્યક્રમોમાં મળવાનું થયું. બે સંતો સાથે વિશેષ પરિચય - પૂજ્ય ડૉક્ટર સ્વામી અને પૂજ્ય મહંત સ્વામી, સંતનો સ્વભાવ જ સરળતા. સરળતાનું સ્વરૂપ જ સંત છે. જ્યાં દર્શન થાય ને મનમાં સ્વાભાવિક એક ઊર્જા પ્રાપ્ત થાય, એક આનંદ પ્રાપ્ત થાય.''

આ અવસરે સ્વામીશ્રીએ આશીર્વાણી વહાવતાં કહ્યું: ''અત્યારે અવિચલદાસજી મહારાજે વાત કરી, તેઓને અનુભવ થયો ને વહેતો મૂક્યો કે - અહીં ખાલી વાતો જ નથી, વર્તન છે. એમની વાણીમાં કોઈનું ખંડન નહીં મધુર મીઠી વાણી. એટલે હિન્દુ ખરેખર હોય એમાંથી સાર નીકળે એવી સુંદર વાણી એમણે વહાવી.

બીજું, નડિયાદ મંદિરની પ્રતિષ્ઠામાં જેણે જેણે સહકાર આપ્યો છે તે બધા તને-મને-ધને સુખી થાય અને ખાસ કરીને ભક્તિ વિશેષ દૃઢ થાય એ પ્રાર્થના. મંદિર થાય એટલે એમાંથી ભક્તો તૈયાર થાય. એ સદ્બુદ્ધિવાળો હોય.

પૂજ્ય અવિચલદાસજી મહારાજને પ્રમુખસ્વામી મહારાજ સાથે ખૂબ સંબંધ હતો. અને તેઓ બધા હરિભક્તોને પ્રેમથી મળે છે. અત્યારે એમના પણ આશીર્વાદ છે. આજે પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજનો તારીખ પ્રમાણે જન્મદિવસ છે. એ

બધો મેળ મળી ગયો. એટલે આપણે ધન્ય થયા છીએ.''

સ્વામીશ્રીએ ટૂંકમાં શુભાશિષ અર્પ્યા. ત્યારબાદ સ્વામીશ્રીના પુનીત હસ્તે ઘરસભા સહાયિકા પુસ્તિકા અને સત્સંગ દીપિકા - ભાગ ૧ અને ૨ પ્રકાશનો ઉદ્‌ઘાટિત થયાં.

આજના શુભ પ્રસંગે સ્વામીશ્રી અને સૌએ સમૂહ આરતી વડે અક્ષર-પુરુષોત્તમ મહારાજને અભિવંદિત કર્યા. આરતી બાદ વરિષ્ઠ સંતો અને જુદા જુદા બી.એ.પી.એસ. મંદિરના કોઠારી સંતો, નડિયાદ મંદિરના નિર્માણમાં સહયોગ આપનાર સંતો, નડિયાદ સત્સંગ પ્રવૃત્તિમાં સેવા આપનાર સંતો, સંયોજન સમિતિના સંતો, ચરોતરના બી.એ.પી.એસ. મંદિરના કોઠારી સંતોએ અનેકવિધ હાર-ચાદર અર્પણ કરીને ગુરુહરિને વધાવ્યા હતા.



**બી.એ.પી.એસ. સંસ્થાનું અનુકરણ કરવાની જરૂર છે, અભ્યાસ કરવાની જરૂર છે. આ સંસ્થા સનાતન ધર્મના, હિન્દુ ધર્મના એક આદર્શ તરીકે વિશ્વમાં સુપ્રસિદ્ધ છે. એના સંતોને, કાર્યકર્તાઓને હું ખૂબ ખૂબ અભિનંદન આપું છું, એમનું અભિવાદન કરું છું.**

**- જગતગુરુ પૂજ્ય શ્રી અવિચલદાસજી મહારાજ**

આ મંદિરનિર્માણમાં સૌથી મુખ્ય ફાળો આપનાર કોઠારી પૂજ્ય સર્વમંગલદાસ સ્વામીને અને પૂર્વે અહીં ખૂબ વિચરણ કરીને સત્સંગનો પાયો મજબૂત કરનાર જનમંગલદાસ સ્વામીને હાર પહેરાવી સ્વામીશ્રીએ શુભાશિષ અર્પ્યા હતા.

પ્રતિષ્ઠોત્સવ સમારોહના અંતમાં *'કોટિ કોટિ વંદન કરીએ સ્વામિનારાયણ ભગવાનને... કોટિ કોટિ વંદન કરીએ પ્રગટ અક્ષરબ્રહ્મને...'* કીર્તન પર બાળ-યુવાવૃંદે ખૂબ ઉમંગભર્યું નૃત્ય કરીને આજના મહોત્સવનું સમાપન કર્યું હતું

પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજના સાંનિધ્યમાં આજના દિવ્ય-ભવ્ય મહોત્સવની ચિરંતન સ્મૃતિઓ અંતરમાં ધારણ કરીને સૌએ વિદાય લીધી હતી.

## ■ અભિવાદન સમારોહ

તા. ૮-૧૨-૨૦૨૩ના રોજ સાયંકાળે મંદિરનિર્માણમાં તને-મને-ધને સેવા-સહયોગ આપનાર સર્વેનો આભાર વ્યક્ત કરતો 'અભિવાદન સમારોહ' યોજાયો હતો.

મંદિરનિર્માણના સહયોગીઓને વધાવવાનો અનેરો ઉમંગ સ્વામીશ્રીને પણ હતો, તેથી સહયોગી અભિવાદન સમારોહ સારામાં સારી રીતે થાય તે માટે સ્વામીશ્રીએ જાતે નાનામાં નાની સૂચનાઓ સાથેનો પત્ર અહીંના સંતો પર લખ્યો હતો.

સ્વામીશ્રીની રુચિ અનુસાર યોજાયેલા અભિવાદન સમારોહમાં નડિયાદ મંદિરમાં, પાયાથી લઈને શિખર સુધીની વિવિધ નાની-મોટી સેવાઓ કરનાર ૧૦૦૦ જેટલા ભક્તો -ભાવિકો-ગુણભાવીઓ ઉપસ્થિત હતા. આ તમામ સેવા-સહયોગીઓને વરિષ્ઠ સંતોએ હાર પહેરાવી, સ્મૃતિભેટ અને પ્રસાદ આપી સન્માન્યા હતા.

સ્વામીશ્રીએ સમારોહમાં પધારી ઉપસ્થિત સૌ પર કૃપાદૃષ્ટિ વરસાવી હતી. ત્યારબાદ સૌની નિઃસ્વાર્થ સેવા-સમર્પણભક્તિને પ્રસન્નતાપૂર્વક બિરદાવતાં સ્વામીશ્રીએ કહ્યું: ''બધાએ ખૂબ મહેનત કરીને આ મંદિર ઊભું કર્યું છે. બધાને આશીર્વાદ છે, બધા તને-મને-ધને સુખી થાઓ. તમે ખરેખર મહેનત કરીને, કેટલી બધી મુશ્કેલીઓ હતી, છતાંયે તેને વટીને સેવા કરી છે તો શ્રીજીમહારાજ રાજી થયા છે. અને આપ બધા ખરેખર, ફરીથી, તને-મને-ધને સુખી થાઓ અને બધાના હૃદયમાં ભક્તિભાવ ખૂબ વધે અને ભક્તિભાવમાં ખૂબ રચ્યાપચ્યા રહો. આપણે બધા મહારાજ-સ્વામીની ભક્તિમાં રાચીએ એ જ પ્રાર્થના.''

સૌની સેવા-સમર્પણભક્તિ પર ઓવારી જતાં સ્વામીશ્રીએ પોતાના બંને હાથ પહોળા કરીને ભેટવાની મુદ્રા કરતાં ખૂબ રાજીપો વરસાવ્યો હતો.

અક્ષરનયનદાસ સ્વામીએ તમામ સહયોગીઓની સેવાઓનો ટૂંકમાં અને સામૂહિક રીતે ઉલ્લેખ કરીને તેઓને બિરદાવ્યા હતા. સૌના પ્રેરક સ્વામીશ્રીને પ્રથમ સર્વમંગલદાસ સ્વામી તથા પરમવત્સલદાસ સ્વામીએ અને ત્યારબાદ અન્ય સંતોએ હાર અર્પણ કરીને આશિષ લીધા હતા. ત્યારબાદ સૌ સભાજનોને વંદન કરી સ્વામીશ્રીએ વિદાય લીધી હતી.

સાક્ષર નગરી નડિયાદમાં તીર્થધામની સાથે સાથે સ્વામીશ્રીએ વિદ્યાધામનો પ્રારંભ કર્યો હતો. મંદિર પ્રતિષ્ઠોત્સવ નિમિત્તે જે ભૂમિ પર યજ્ઞ યોજાયો હતો, એ જ પ્રાસાદિક ભૂમિ પર ૨૦૦૦થી વધુ વિદ્યાર્થીઓ અભ્યાસ કરી શકે તે માટે આજે સવારે સ્વામીશ્રીએ નૂતન વિદ્યામંદિર સંકુલનો પ્રારંભ કરતાં તેનાં ખાતવિધિની ઈષ્ટિકાઓનું

વેદોક્ત પૂજન કર્યું હતું.

## ■ વિરાટ મહિલા સંમેલન

નડિયાદ ખાતે નૂતન બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિર મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવના ઉપક્રમે મંદિર પરિસરમાં રચાયેલા નૂતન સભાગૃહ 'કેશવ કથાકુંજ'માં તા. ૨-૧૨-૨૩ના રોજ સૌ પ્રથમ સાંસ્કૃતિક કાર્યક્રમ પ્રસ્તુત કરવાનું સૌભાગ્ય મહિલા પ્રવૃત્તિને સાંપડ્યું હતું.



**સમગ્ર વિશ્વમાં ભગવાન સ્વામિનારાયણના સિદ્ધાંતો તથા હિન્દુ ધર્મનું ગૌરવ અને અસ્મિતા વધારવામાં બી.એ.પી.એસ. સંસ્થાનો અનન્ય ફાળો છે. વિદેશોમાં મંદિરોનું નિર્માણ અને સત્સંગસભાઓ દ્વારા આ સંસ્થા આપણી સંસ્કૃતિ અને મૂલ્યોને જાળવી રાખવાનું મોટું કામ કરી રહી છે.**

**– શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ**

(મુખ્યમંત્રી, ગુજરાત)

## ■ નડિયાદમાં સ્વામીશ્રીની અનન્ય કૃપાવર્ષા

તા. ૧-૧૨-૨૦૨૩ થી તા. ૧૫-૧૨-૨૦૨૩ સુધી નડિયાદ ખાતે બિરાજેલા પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે મંદિર મૂર્તિપ્રતિષ્ઠા મહોત્સવની સાથે સાથે જુદા જુદા દિવસોએ યોજાયેલી સાયંસભાઓમાં પધારીને દિવ્ય સત્સંગ-દર્શનલાભ આપ્યો હતો. સ્વામીશ્રીના સાંનિધ્યમાં બી.એ.પી.એસ. સ્વામિનારાયણ છાત્રાલય, નડિયાદનો વાર્ષિકોત્સવ, નડિયાદ શહેર દિન, નડિયાદ ગ્રામ્ય દિન વગેરે વિશિષ્ટ સત્સંગ સભાઓમાં વિવિધ ભક્તિભર્યા કાર્યક્રમોને માણતા અસંખ્ય હરિભક્તો-ભાવિકો ધન્યતાથી છલકાઈ ઊઠ્યા હતા. સભાના અંતમાં સૌ કોઈ ગુરુહરિનાં આશીર્વચનોથી લાભાન્વિત થયા હતા. ઉપરાંત ચરોતર પંથકના હજારો હરિભક્તો-કાર્યકરો-સ્વયંસેવકોને સ્વામીશ્રીએ દર્શનસુખથી ન્યાલ કરી દીધા હતા.

વિવિધ ઉત્સવ-પ્રસંગોએ પધારેલા લોકનેતાઓ, સામાજિક અગ્રણીઓ, વિવિધ સંસ્થાઓના પ્રતિનિધિઓ, અધ્યાપકો (બ્રહ્મર્ષિ પાઠશાળા, નડિયાદ) વગેરેએ નૂતન મંદિરનાં દર્શન કરીને તેને વધાવ્યું હતું અને સ્વામીશ્રીના આશીર્વાદ પામીને ધન્યતા અનુભવી હતી. મહાનુભાવો ઉપરાંત પૂજ્ય મોરારિદાસ મહારાજ (મહંત, સંતરામ મંદિર, કરમસદ), પૂજ્ય મુદિતવંદનાનંદજી મહારાજ (આનંદ આશ્રમ, નડિયાદ), પૂજ્ય ગોપાલજી મહારાજ (અંબા આશ્રમ, નડિયાદ), પૂજ્ય મનુરામ મહારાજ (માનવસેવા ટ્રસ્ટ, નડિયાદ), પૂજ્ય ભાવિનલાલજી મહારાજ (કથાકાર), શ્રી દીપેનભાઈ પારેખ (કાર્યવાહક, શ્રીમદ્ રાજચંદ્ર સાક્ષાત્કાર ભૂમિ), શ્રી નીરવભાઈ પારેખ (કાર્યવાહક, શ્રીરામ મંદિર, નડિયાદ), શ્રી બિપીનભાઈ (બ્રહ્માકુમારી આશ્રમ, નડિયાદ) વગેરે સંતો-મહંતોએ પણ નૂતન શિખરબદ્ધ મંદિરનું મહિમાગાન કરીને તેને વધાવ્યું હતું. સ્વામીશ્રીને મળીને સૌએ પ્રસન્નતા વ્યક્ત કરી.

પૂજ્ય મોરારિદાસ મહારાજે બી.એ.પી.એસ. સંસ્થા અને સંતરામ મંદિરના ગાઢ સંબંધની સ્મૃતિ કરીને વિશેષમાં કહ્યું, 'રણ જેવા આ જીવનમાં મહંત સ્વામી મહારાજ જેવા સંતો આપણને અમૃત જળ પીવડાવે છે.'

નડિયાદ ખાતેના નિવાસ દરમ્યાન સ્વામીશ્રીએ સિકંદરાબાદના બી.એ.પી.એસ. મંદિરમાં પ્રતિષ્ઠિત થનારી શ્રી સીતારામ-હનુમાનજી અને શ્રી શિવપાર્વતી-ગણપતિજીની નૂતન મૂર્તિઓ; ગુરુપરંપરાની નૂતન પટપ્રતિમાની મૂર્તિઓ તથા ઈટાદરા (ગાંધીનગર ગ્રામ્ય); નાપાડ (આણંદ); મહેળાવના દેવા, લીંબાલી, ભૂરાકોઈ અને જોગણ ખાતેના બી.એ.પી.એસ. મંદિરમાં પ્રતિષ્ઠિત થનારી મૂર્તિઓમાં વેદોક્ત વિધિપૂર્વક પ્રાણનું આવાહન કરીને મૂર્તિઓની પ્રથમ આરતી ઉતારી હતી. સાથે મહેળાવના ત્રંબોવાડ અને પંડોળી ગામમાં નૂતન નિર્માણ પામનાર મંદિરોની ઈષ્ટિકાઓનું પૂજન કર્યું હતું.

નડિયાદ મંદિરનો પ્રતિષ્ઠા મહોત્સવ નિર્વિઘ્ને સંપન્ન થાય અને સ્વામીશ્રીનું સ્વાસ્થ્ય નિરામય રહે તે માટે ઘણા હરિભક્તોએ વિશિષ્ટ વ્રત-તપ-ઉપવાસની ધારા વહાવી હતી. સ્વામીશ્રીને ૯૦ વર્ષ પૂર્ણ થયાં તે નિમિત્તે છાત્રાલયના ૬૧ વિદ્યાર્થીઓએ ૯૦ કલાકના નિર્જળ ઉપવાસ કર્યા હતા! ઉપરાંત આજુબાજુનાં સત્સંગ કેન્દ્રોમાંથી ઘણા સંતો-હરિભક્તો પદયાત્રા અને બી.એ.પી.એસ. સ્વામિનારાયણ છાત્રાલય, વિદ્યાનગરથી ૩ સંતો અને ૧૧૮ યુવકો સ્વામિનારાયણ મહામંત્રના જાપ સાથે દંડવતયાત્રા કરીને સ્વામીશ્રીનાં દર્શનાર્થે પધાર્યા હતા. આ સૌ તપસ્વીઓ પર સ્વામીશ્રીએ અમીદૃષ્ટિ કરીને રાજીપો વરસાવ્યો હતો.

આમ, સતત ૧૫ દિવસ સુધી નડિયાદ ખાતે દિવ્ય આધ્યાત્મિક સુખ આપીને પરમ પૂજ્ય સ્વામીશ્રી સુરત પધાર્યા હતા. ◆






# ધરમપુર ખાતે મહંત સ્વામી મહારાજના હસ્તે શ્રીમદ્ રાજચંદ્ર મિશનના ભવ્ય રાજ સભાગૃહનું મંગલ ઉદ્ઘાટન

દક્ષિણ ગુજરાતના વલસાડ જિલ્લામાં આવેલું, ભગવાન શ્રી સ્વામિનારાયણનાં પદારવિંદથી પાવન થયેલું ધરમપુર, વન-ઉપવન અને નાની-મોટી ટેકરીઓ વચ્ચે વિકસેલું એક વિશિષ્ટ આધ્યાત્મિક કેન્દ્ર છે. અહીંના પવિત્ર અને સાધનામય વાતાવરણમાં શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ અને શ્રી ધરમપુર તીર્થ એક નવું છોગું ઉમેરે છે, જેનું વહન પૂજ્ય શ્રી રાકેશભાઈ ઝવેરી કરી રહ્યા છે અને પ્રસિદ્ધ આધ્યાત્મિક મહાપુરુષ શ્રીમદ્ રાજચંદ્રજીના સંદેશને વિસ્તારવા દિન-રાત પુરુષાર્થ કરી રહ્યા છે.

વર્ષોથી પૂજ્ય રાકેશભાઈને બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ અને પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ પ્રત્યે અનન્ય સ્નેહ-સંબંધ રહ્યો છે. તેઓના પ્રેમના કારણે, પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ ૯૧ વર્ષની વયે, ઘણી તકલીફો વચ્ચે, અનેક વ્યસ્ત કાર્યક્રમોની ભરમાર વચ્ચે તા. ૨૬-૧૨-૨૦૨૩ના રોજ ધરમપુર ખાતે તેમના એક વિશિષ્ટ કાર્યક્રમને અલંકૃત કરવા પધાર્યા હતા.

ધરમપુરની પવિત્ર ભૂમિ પર સ્વામીશ્રી પધાર્યા ત્યારે જયજયકારો વચ્ચે શ્રીમદ્ રાજચંદ્ર મિશનના વાઇસ પ્રેસિડેન્ટ શ્રી આત્મપ્રીત નેમીજીએ શીશ ઝુકાવી, વંદન કરતાં કહ્યું: 'સદાય આપના ઋણી રહેશું.' અન્ય ટ્રસ્ટીઓએ પણ સ્વામીશ્રીનું ભાવભર્યું સ્વાગત કર્યું. માર્ગ પર ઠેર ઠેર ભક્તો-ભાવિકો દર્શન માટે કતારબદ્ધ ઊભા હતા. સૌને દર્શનલાભ આપતાં સ્વામીશ્રીએ 'શ્રીમદ્ રાજચંદ્ર મિશન'ના

હેડ ક્વાર્ટરના દ્વારમાં પ્રવેશ કર્યો ત્યારે અહીંના યુવાવૃંદે બૅન્ડવાદન કરીને સ્વાગત કર્યું. આબાલવૃદ્ધ સૌએ વિધવિધ રીતે અક્ષરપુરુષોત્તમ મહારાજ અને સ્વામીશ્રીને વધાવ્યા.

સૌનું અભિવાદન ઝીલતાં સ્વામીશ્રી શ્રીમદ્ રાજચંદ્રજીની ૩૪ ફૂટ ઊંચી મૂર્તિ સમક્ષ પધાર્યા ત્યારે અહીં પૂજ્ય ગુરુદેવશ્રી રાકેશજીએ સ્વામીશ્રીને સુંદર પુષ્પહાર પહેરાવી સત્કાર્યા. સ્વામીશ્રીના હાથ પકડી અહોભાવથી કહે, 'આપ અહીં પધાર્યા તે એક સ્વપ્નું છે સ્વામી! સ્વપ્નું છે...' સ્વામીશ્રીએ પણ ગુરુદેવશ્રીને હાર પહેરાવી અભિવંદ્યા.

ત્યારબાદ સ્વામીશ્રીએ શ્રીમદ્ રાજચંદ્રજીની મૂર્તિ સામે સ્થાપિત કરવામાં આવેલાં ચરણારવિંદની પ્રતિકૃતિ પર અભિષેક કર્યો. પુષ્પ-પાંદડીઓ અને અક્ષત વરસાવ્યાં. ત્યારબાદ સ્વામીશ્રીએ એક વૃક્ષમાં માટી, ખાતર નાખ્યાં અને જળ સીંચ્યું. અહીંથી, પૂર્વ નિર્ધારિત આયોજન ન હોવા છતાં પણ સ્વામીશ્રી ચાલીને રાજચંદ્રજીની મૂર્તિ પાસે પધાર્યા. અહીં પધરાવેલાં ચરણારવિંદો પર પુષ્પપાંદડીઓ વરસાવી ખૂબ ભાવથી સ્પર્શ કર્યો. આ બધું જોઈ પૂજ્ય રાકેશભાઈ અને અનુયાયીઓ ગદ્ગદિત થઈ ઊઠ્યાં.

અહીંથી સ્વામીશ્રી દેરાસર પાસે પધાર્યા. મંદિરની વિશેષતાઓ જાણી, ભગવાન મહાવીર સ્વામીના ગર્ભગૃહમાં પધારી મહાવીર સ્વામીને પુષ્પહાર પહેરાવ્યો. મસ્તક પર મુગટ પણ ચઢાવ્યો અને વક્ષઃસ્થળનો ભાવથી સ્પર્શ કર્યો. સ્વામીશ્રીનો આ ભાવ નીરખતાં પૂજ્ય રાકેશભાઈ અહોભાવથી બોલી ઊઠ્યાઃ 'મને સ્વર્ગ મળી ગયું! હવે મારે કાંઈ જોઈતું નથી.' સંતોએ મેવા-મીઠાઈ-ફળફળાદિ ભગવાન અને શ્રી રાકેશભાઈને અર્પણ કર્યાં.

અહીંથી સ્વામીશ્રી 'રાજસભાગૃહ' પાસે પધારી રહ્યા હતા ત્યારે માર્ગમાં નેમીજી અને મુખ્ય ટ્રસ્ટીઓએ અક્ષરપુરુષોત્તમ મહારાજ અને સ્વામીશ્રીને ઢોલના ઢબકાર સાથે નૃત્ય કરતાં વધાવ્યા. 'કૃપાળુ દેવ કૃપાળુ દેવ... પરમ કૃપાળુ દેવ!' ધૂન ગુંજી રહી હતી. ભક્તોએ પણ આનંદ-ઉલ્લાસથી અક્ષરપુરુષોત્તમ મહારાજ અને સ્વામીશ્રીને વધાવ્યા. સૌનો આદર-સત્કાર ઝીલતાં સ્વામીશ્રી મુખ્ય દ્વારની સામે પધાર્યા. અહીં મંત્રોચ્ચાર સાથે સ્વામીશ્રીએ રિમોટ કંટ્રોલ વડે સભાગૃહના લાલ પડદા અનાવરિત કર્યા. આ સાથે જ સ્વાગત-ગીતોના તાલે રંગબેરંગી રિબીનો અને પુષ્પપાંદડીઓ વરસી. હૉલના પ્રવેશમાં જ જમણી બાજુએ રહેલી તકતીનું સ્વામીશ્રીએ અનાવરણ કર્યું. મંત્રોચ્ચાર સાથે સ્વામીશ્રીની પ્રસાદીભૂત પુષ્પપાંદડીઓ શ્રી રાકેશભાઈએ તકતી પર વરસાવી. આ સમયે શ્રી રાકેશભાઈના કરમાં રહેલા અક્ષરપુરુષોત્તમ મહારાજ અને સ્વામીશ્રીના અંકમાં રહેલા શ્રીમદ્ રાજચંદ્રજીની મૂર્તિ પર પણ પુષ્પપાંદડીઓ ભક્તોએ વરસાવી. સ્વામીશ્રીએ શ્રીમદ્ રાજચંદ્રજીની મૂર્તિ પર અને શ્રી રાકેશભાઈએ અક્ષરપુરુષોત્તમ મહારાજ પર શાસ્ત્રોક્ત વિધિ મુજબ ઇષ્ટ સ્વરૂપોનાં ચરણોમાં અભિષેક કર્યો. ચંદન-પુષ્પાદિથી પૂજન કર્યું. ધૂપ-દીપથી આરતી ઉતારી. નૈવેદ્ય ધરાવ્યું. કર જોડી વંદના કરી. ત્યારબાદ બંને પ્રવેશદ્વાર સમક્ષ પધાર્યા. દ્વાર પર બાંધેલી રિબન છોડી સભાગૃહનું ઉદ્ઘાટન કર્યું. સૌથી પહેલાં અક્ષરપુરુષોત્તમ મહારાજ અને શ્રીમદ્ રાજચંદ્રજીનો હૉલમાં પ્રવેશ કરાવ્યો. પછી સ્વામીશ્રી, શ્રી રાકેશભાઈ અને શેષ સંતો/મુખ્ય ભક્તોએ પ્રવેશ કર્યો ત્યારે 'ધન્યોહમ્ ધન્યોહમ્' ગીત ગુંજવા લાગ્યું. ભક્તોએ ઇષ્ટદેવ અને રાકેશભાઈનાં ચરણોમાં પાંદડીઓ વરસાવી સત્કાર્યા. સૌનું અભિવાદન સ્વીકારતાં મહંત સ્વામી મહારાજ અને શ્રી રાકેશભાઈ મંચ પર પધાર્યા અને દીપ પ્રાગટ્ય કર્યું. યુવાવૃંદે સ્વાગતનૃત્ય કરી વધાવ્યા. અહીંના મુખ્ય ટ્રસ્ટીઓ અને હરિભક્તોએ અક્ષરપુરુષોત્તમ મહારાજ, સ્વામીશ્રી અને શ્રી રાકેશભાઈનું પૂજન કર્યું. ત્યારબાદ શ્રી રાકેશભાઈ અને નેમીજીએ સ્વામીશ્રીને હાર પહેરાવી સન્માન્યા. વસ્ત્ર, મોમેન્ટો અને ફળફળાદિ અર્પણ કર્યાં. મુખ્ય ટ્રસ્ટીઓએ પણ આશીર્વાદ લીધા. સ્વાગત સંબોધનમાં શ્રી નેમીજીએ શ્રી સ્વામિનારાયણ ભગવાન અને શ્રીમદ્ રાજચંદ્ર બંનેનાં પદારવિંદોથી આ ભૂમિ પાવન થઈ છે, ત્યાંથી પ્રારંભ કરીને બંને સંસ્થાઓ વચ્ચેના સ્નેહસંબંધોની સ્મૃતિ કરી.

શ્રી રાકેશભાઈએ આ અવસરે મુખેથી પ્રેમની સરવાણી વહાવતાં ભાવસભર થઈ જણાવ્યુંઃ ''કોઈને જોઈને આપણને એમ લાગે કે કળિયુગમાં છીએ, અને કોઈને જોઈને ચોક્કસ એમ જ લાગે કે આપણે સત્યુગમાં છીએ. એક સંતનાં દર્શનથી સર્વ સંતોને સેવ્યા! સર્વ તીર્થોને સેવ્યાં!

આ સ્વામિનારાયણ સંસ્થાની પરંપરા રહી છે કે 'ગુરુના રાજીપા માટે ખપી જવું'. યોગીજી મહારાજે સંકલ્પ કર્યો હતો કે 'દિલ્હીમાં અક્ષરધામ થાય' તો બત્રીસ-તેત્રીસ વર્ષ પછી પણ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજે એ સંકલ્પ પાર પાડ્યો... અને પ્રમુખસ્વામી મહારાજે સંકલ્પ કર્યો કે 'રોબિન્સવિલમાં અક્ષરધામ થાય.' તો પૂજ્ય મહંત સ્વામી મહારાજે એ સંકલ્પ પાર પાડ્યો!

બીજી પરંપરાઃ ધાર્મિક સંવાદિતાની. જે જમાનામાં લાખ રૂપિયા મોટા ગણાતા અને કોઈકે પ્રમુખસ્વામી મહારાજને દાન કર્યું તો તેમણે તે દાન જરૂરિયાતમંદ ભાવનગરની જૈન

પાંજરાપોળમાં અર્પી દીધું. અને આજે એ સંવાદિતા તો પ્રત્યક્ષ આપણે અનુભવી રહ્યા છીએ – મહંત સ્વામી મહારાજ અહીં પધાર્યા!

હું પૂજ્ય મહંત સ્વામી મહારાજ માટે પહેલા 'પ્રિય' બોલું છું અને પછી 'પૂજ્ય' બોલું છું... ક્યારેક તો હું નેમીને કહું છું કે 'કોઈકવાર અરીસો ન હોય તો મને પૂજ્ય મહંત સ્વામીનું મુખ દેખાડી દેવાનું, એમના તેજમાં હું મારા વાળ ઓળીશ!' He smiles and he makes my day. (તેઓ હસે છે ને મારો દિવસ સાર્થક કરે છે)

ગુજરાતીમાં કહેવત છે કે 'વાછરડાને ગાયનું દૂધ પીવાની જેટલી ઇચ્છા થાય, એના કરતાં વધારે ગાયને વાછરડાને દૂધ પાવાની ઇચ્છા થાય.' એમ મને જેટલી ભાવના હતી કે 'સ્વામી પધારે' પણ, એના કરતાં વધારે ભાવના સ્વામીની જ હતી. કારણ કે એમના શબ્દો હતા કે 'આ પ્રસંગે હું પ્રત્યક્ષ આવીશ.' સૂર્ય અમેરિકામાં ઊગે એટલે અમેરિકાનો નથી થઈ જતો કે ભારતમાં ઊગે તો ભારતનો નથી થઈ જતો, પરંતુ સૂર્ય સૌનો છે. આજે હું અનુભવું છું કે આ સૂર્ય સૌનો છે!

ચાર પ્રકારે સત્પુરુષો કૃપા કરે છે: શબ્દથી, સ્પર્શથી, દૃષ્ટિથી અને સંકલ્પથી. આજે તો આપણે અનુભવીએ છીએ કે ચારેય પ્રકારે કૃપા થઈ છે... પ્રત્યક્ષની બલિહારી છે! માત્ર એમને નિહાળવાથી તમને ઘણા ગહન સંદેશા મળશે અને અંતરમાં અકલ્પ્ય બદલાવ અનુભવશો! મહંત સ્વામી મહારાજ ઇલેક્ટ્રોમૅગ્નેટિક વેવ્સ ઉત્સર્જિત કરે છે, તેઓની પવિત્રતાના કારણે અને જો પ્રેમાળપણે આપણે એમના સમક્ષ રહીએ તો એ વાઇબ્રેશન્સ ગ્રહણ કરી શકીએ અને અંદર પ્રયત્ન વગરનાં પરિવર્તનો અનુભવી શકીએ. તેઓની ઉપસ્થિતિ જ પર્યાપ્ત છે!

અમારે તેઓની ઉપસ્થિતિ અનુભવવી હતી, બસ! તેઓના હૃદયની પવિત્રતા અને વિચારોની શુદ્ધતા, તેઓ એવી પ્રભાવક શૈલીથી શાસ્ત્રમાત્રનો સાર કહે છે કે માત્ર તાળીઓથી પ્રમોદ કરવાનું મન ન થાય, પરંતુ સંસાર ત્યાગીને પ્રમોદ કરવાનું મન થાય! તેઓની હાજરી જ ભગવંત અને સંતમાં પ્રીતિ કરાવે છે, પ્રતીતિ કરાવે છે. સત્પુરુષ સાથે વિતાવેલી દરેક ક્ષણ, તેઓની દરેક સ્મૃતિ કલ્યાણકારી છે, સુખકારી છે.

અંતમાં મારે એક જ પ્રાર્થના કરવી છે કે 'હે પ્રભુ! કાં તો તારા માટે તીવ્ર પ્રેમ આપ અને કાં તો સત્પુરુષનો, આવા સંતનો સંગ આપ!' અને પ્રભુ! આજે તો એવા વરસ્યા છે કે બંનેનો અનુભવ થાય છે! ખૂબ ખૂબ રાજી થઈને, ખૂબ ખૂબ આભારપૂર્વક સ્વામીશ્રીનાં ચરણોમાં વંદન કરીને એટલી પ્રાર્થના કરું છું, આશીર્વાદ માગું છું કે અમે બાહ્યાંતર રીતે પ્રગતિ કરીએ, ધર્મની સાધના અને ધર્મની પ્રભાવના કરી અમારું, જગતનું કલ્યાણ કરીએ એવા આશીર્વાદ આપો. અને મને ખાતરી છે કે એમના આશીર્વાદ સદાય આપણી સાથે રહેશે.'' અદ્‌ભુત અને હૃદયના ઊંડાણમાંથી આવેલી શ્રી રાકેશભાઈની ભાવનાઓના અહોભાવમાં ખરેખર સૌ ભીંજાઈ ગયા. ત્યારબાદ બ્રહ્મવિહારીદાસ સ્વામીએ પ્રાસંગિક ઉદ્‌બોધન કર્યું.

પ્રાર્થના થતાં સ્વામીશ્રીએ પ્રેમ અને ભાવથી અંતર્વાણી વરસાવી: ''આજે અમે અહીં પૂજ્ય શ્રી રાકેશજી મહારાજના પ્રેમથી ખેંચાઈને આવ્યા છીએ. ભગવાન સ્વામિનારાયણ અહીં ધરમપુરમાં પધાર્યા છે એટલે આ ભૂમિ પુણ્યશાળી છે. શ્રીમદ્ રાજચંદ્રનાં વિચાર અને વર્તનથી આજના સમાજને ઘણી પ્રેરણા મળે છે. તેઓ ગાંધીજીના પણ ગુરુ ગણાય છે. શ્રીમદ્ રાજચંદ્રનું કાર્ય આજે પૂજ્ય રાકેશજી મહારાજે આગળ વધાર્યું છે, તે માટે તેઓએ અહીં આ સંસ્થાની સ્થાપના કરી છે. મૂળ તો તેઓ યુવાનોને આગળ કરે છે એ બહુ મોટી વાત છે. શ્રીમદ્ રાજચંદ્ર ખરેખર બહુ મહાન પુરુષ હતા, એટલે એમનો સંદેશો બધાને પહોંચે એ જરૂરી છે.

આ મિશન જ્ઞાન, ધ્યાન અને સેવા દ્વારા આંતરિક રૂપાંતરનું કાર્ય કરી રહ્યું છે. જે આપણે જોઈ રહ્યા છીએ - પ્યોર-શુદ્ધ વસ્તુ તમને મળે છે. શ્રી મહાવીર સ્વામીજી અને શ્રીમદ્ રાજચંદ્રજીથી જે આવેલું છે તે પ્યોર ફૉર્મમાં, શુદ્ધ ફૉર્મમાં તમને મળે છે... બહારથી તો બધું બહુ થાય પણ અંદર રૂપાંતરની જરૂર છે.

આ પ્રસંગે અમે શ્રી મહાવીર સ્વામી તથા ભગવાન સ્વામિનારાયણને પ્રાર્થના કરીએ છીએ કે - અહીં જે સત્સંગ કરે, સાધના કરે તે જીવનમાં ખૂબ સુખ-શાંતિ પામે.

પૂજ્ય રાકેશજી મહારાજ સાથે અમારો સંબંધ ઘણો જૂનો છે. તેઓને અમારા ગુરુ પ્રમુખસ્વામી મહારાજ વિષે પણ ખૂબ આદર અને સ્નેહ હતો. તેઓને પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજના પ્રસંગો, જે કંઠસ્થ અમારે કરવાના હતા તે તેઓએ કર્યા છે. આજે પ્રાર્થના કરીએ કે પૂજ્ય રાકેશજી મહારાજની તબિયત સારી રહે. આ કોઈ ખાલી ખાલી સભા નથી. આમાં ઘણો બધો મર્મ છે. આ સંસ્થાની ખૂબ પ્રગતિ થાય. અહીં સેવા કરતા નાના-મોટા સૌ સેવકો - કાર્યવાહકો સુખી થાય તે માટે પણ પ્રાર્થના. જય જિનેન્દ્ર... જય સ્વામિનારાયણ!''

સૌએ પોતાના સ્થાને ઊભા થઈ તાળીઓના ગડગડાટથી

સ્વામીશ્રીનાં વચનોને વધાવ્યાં. ત્યારબાદ સ્વામીશ્રી, શ્રી રાકેશભાઈ અને મુખ્ય હરિભક્તોએ અક્ષરપુરુષોત્તમ મહારાજ અને શ્રીમદ્ રાજચંદ્રજીની આરતી ઉતારી.

સભાના અંતે સ્વામીશ્રીએ શ્રી રાકેશભાઈને શાલ ઓઢાડી પ્રસાદ અર્પ્યો અને અબુધાબી મંદિર પ્રતિષ્ઠામાં પધારવાનું ભાવભીનું નિમંત્રણ પાઠવ્યું. સ્વામીશ્રી પધાર્યા ત્યારથી લઈને આ હૉલનું ઉદ્‌ઘાટન કર્યું તે ક્ષણોની તસ્વીરોનું આલબમ તૈયાર થઈ ચૂક્યું હતું. તે દર્શાવી નેમીજીએ સ્વામીશ્રીને અર્પણ કર્યું.

આમ, સૌને લાભ આપીને પરમ પૂજ્ય સ્વામીશ્રીએ વિદાય લીધી. શ્રી રાકેશભાઈએ આભારસહ વંદન કરતાં સ્વામીશ્રીને ભાવભીની વિદાય આપી.

અહીંથી સ્વામીશ્રી ધરમપુરના બી.એ.પી.એસ. મંદિરે પધારી રહ્યા હતા ત્યારે માર્ગમાં સ્વામીશ્રીનાં દર્શન માટે વહેલી સવારથી હરિભક્તો-ભાવિકો ઊભા હતા. તે સૌને સ્વામીશ્રીએ દૃષ્ટિ દ્વારા આશીર્વાદ આપ્યા. સ્વામીશ્રીના આગમનને વધાવતાં ગમનપથ પર લાલ જાજમ બિછાવી હતી. બંને તરફ પુષ્પ રંગોળી અને કલાત્મક રંગોળીઓ પૂરી હતી. સૌનો ભક્તિભાવ સ્વીકારતાં સ્વામીશ્રીએ મંદિરમાં પધારી ભગવાનનાં મનોહર સ્વરૂપોનાં દર્શન કર્યાં. ત્યારબાદ તીથલના બી.એ.પી.એસ. મંદિરમાં રચાનાર નૂતન અતિથિ ભવનની ઈષ્ટિકાઓ અને માટીનું પૂજન કર્યું. નકશાઓ પ્રસાદીના કરીને આશીર્વાદ અર્પ્યા.

હવે, સ્વામીશ્રી 'પ્રમુખસ્વામી વૉકેશનલ ટ્રેનિંગ સેન્ટર'માં પધાર્યા. બી.એ.પી.એસ. સંસ્થા દ્વારા આરંભાયેલું આ નૂતન સોપાન હતું. વિવેકસ્વરૂપદાસ સ્વામીએ તેના ક્રમશઃ વિભાગો દર્શાવી માહિતી આપી. અત્યારે અહીં ૨૭૫ જેટલાં આદિવાસી યુવક-યુવતીઓ વિવિધ ક્ષેત્રોની તાલીમ લઈ રહ્યાં છે. આ સંકુલમાં 'પ્રમુખસ્વામી આદિજાતિ છાત્રાલય' પણ છે. તેમાં રહીને વિદ્યાર્થી-વિદ્યાર્થિનીઓ અભ્યાસ કરી રહ્યાં છે. આ તમામ છાત્રો વ્યવસાયમાં પ્રવૃત્ત થાય ત્યાં સુધીની, અભ્યાસની સાથે સાથે રહેવા-જમવાની બી.એ.પી.એસ. સંસ્થા દ્વારા નિઃશુલ્ક વ્યવસ્થા કરવામાં આવી છે. આગામી વર્ષોમાં ૫૦૦થી વધુ વિદ્યાર્થી-વિદ્યાર્થિનીઓને જુદા જુદા વ્યવસાયોની ટ્રેનિંગ આપીને લોજિંગ-બોર્ડિંગ સાથે ફીમાં બી.એ.પી.એસ. સંસ્થા મદદરૂપ થશે. સ્વામીશ્રીએ સૌ સંચાલકો પર પ્રસન્નતા વરસાવી. સંકુલ પાવન કરીને, વિદ્યાર્થીઓ સાથે સ્મૃતિછબી પડાવી સ્મૃતિ આપી.

અહીંથી સ્વામીશ્રી સભામાં પધાર્યા. અહીં રચવામાં આવેલા સુંદર મંચ પર સ્વામીશ્રી ઠાકોરજી સહ વિરાજ્યા. સામે ખુલ્લા ચોકમાં હકડેઠઠ સભા ભરાઈ હતી. વહેલી સવારના ૮:૦૦ વાગ્યાથી ૩૦,૦૦૦ જેટલા હરિભક્તો-ભાવિકો અત્યારે બપોરના ૨:૦૦ વાગ્યે ખરા તડકામાં ગુરુહરિનાં દર્શન માટે શ્રદ્ધાથી બેઠા હતા. દક્ષિણ ગુજરાતનાં નવસારી, સાંકરી, તીથલ વગેરે મંદિરો અને સત્સંગ ક્ષેત્રોમાંથી આ ભક્તો ઊમટ્યા હતા.

વિવેકસ્વરૂપદાસ સ્વામીએ સૌ સંતો-ભક્તો વતી પ્રાર્થના કરતાં કહ્યુંઃ 'જેના જે સંકલ્પો હોય તે પૂરા થાય...' આ વાક્ય પૂરું થાય તે પહેલાં જ સ્વામીશ્રીએ બે હાથ ઊંચા કરી સૌ તરફ આશીર્વાદ વરસાવ્યા. ધન્યતા અનુભવતા સૌએ તાળીનાદ કર્યો. સૌ પર કૃપાવર્ષા કરતાં સ્વામીશ્રીએ કહ્યુંઃ ''બધાએ ખૂબ દાખડો કર્યો છેઃ છ છ કલાક (થી અહીં બેઠા છો). બધાને જય શ્રી સ્વામિનારાયણ!''

આજથી 'તીથલ મંદિર રજત જયંતી મહોત્સવ'ની જય આરંભાઈ. સ્વામીશ્રીએ ફુગ્ગાઓ ગગનગામી કરીને 'રજત જયંતી મહોત્સવ'ની શુભ શરૂઆત કરી. તીથલ મંદિરમાં સેવા આપતા સંતોએ ભવ્ય, કલાત્મક અને સુંદરતમ પુષ્પહારો વડે ગુરુહરિને સન્માન્યા. મહિલા ભક્તોએ કુશળકુંવરબાની જેમ હાથથી ફોલીને તૈયાર કરેલા અણિશુદ્ધ ચોખા સ્વામીશ્રીને અર્પણ થયા.

આમ, આજે ખૂબ ખૂબ કષ્ટ વેઠીને, બે-બે સેન્ટરોમાં અનહદ લાભ આપીને, સૌને પરિતૃપ્ત કરીને સ્વામીશ્રી પુનઃ કણાદ(સુરત) ખાતે પધાર્યા હતા. ◆





# સમાજમાં આધ્યાત્મિક અને નૈતિક મૂલ્યોને સંવર્ધિત કરતાં નિર્માણ પામ્યાં વધુ પાંચ બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિર




ઇટાડીમાં નવનિર્મિત બી.એ.પી.એસ. મંદિર અને ઉત્સવના ઉપક્રમે યોજાયેલી સભામાં સત્સંગ લાભ લેતો ભક્તસમુદાય...

## ઇટાડી ખાતે યોજાયો મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ

અરવલ્લી જિલ્લાના માલપુર તાલુકામાં આવેલા ઈટાડી ગામમાં બી.એ.પી.એસ. સ્વામિનારાયણીય સત્સંગની શરૂઆત સન ૨૦૧૪થી થઈ હતી. આ ગામના હરિભક્ત શ્રી રમેશભાઈ મકનાભાઈ પટેલ બી.એ.પી.એસ. સંસ્થાના સંતોના સંપર્કમાં આવ્યા અને ધીરે ધીરે તેમને સત્સંગ અને સત્પુરુષ પ્રત્યે મહિમા જાગ્યો. ત્યારબાદ તેમના મોટાભાઈ ધીરુભાઈ પટેલને પણ સત્સંગનો રંગ લાગ્યો. બંને ભાઈઓએ ગામ વચ્ચેની બે વીઘા ભૂમિ મંદિર માટે કૃષ્ણાર્પણ કરી. તે ભૂમિ પર પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ દ્વારા તા. ૯-૬-૨૦૧૭ના રોજ પૂજિત ઈષ્ટિકાઓને સંતોએ વેદોક્ત વિધિપૂર્વક પાયામાં પધરાવીને મંદિર નિર્માણકાર્યની શરૂઆત કરાવી. સ્વામીશ્રીના આશીર્વાદથી અને હરિભક્તોના ઉત્તમ સહયોગથી સુંદર બી.એ.પી.એસ. મંદિર નિર્માણ પામ્યું, જેમાં શ્રી વિનયભાઈ પટેલ અને મિતેષભાઈ પટેલે ખૂબ જહેમત ઉઠાવી હતી.

મંદિરની મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ નિમિત્તેની આમંત્રણ પત્રિકા છપાવીને આવી ત્યારે ગામના પ્રવેશદ્વારથી મંદિર સુધી અગ્રણી ગામજનો તેમજ બહેનોએ પોથીયાત્રા યોજીને તેનું સ્વાગત કર્યું. તે સાંજે સંયુક્તમંડળ દ્વારા કીર્તનભક્તિ યોજાઈ હતી. આ ગામમાં આવેલા દરેક મંદિરમાં ઢોલ-બેન્ડવાદન સાથે હરિભક્તોએ આમંત્રણ-પત્રિકા પાઠવી હતી. એટલું જ નહીં જ્યારે અંબાજીમાતાના મંદિરમાં યજ્ઞ હતો ત્યારે બી.એ.પી.એસ. મંદિરના કળશ અને ધજાદંડનું પૂજન ગામના દરેક સમાજના અગ્રણીઓની ઉપસ્થિતિમાં કરવામાં આવ્યું હતું.

મૂર્તિપ્રતિષ્ઠા નિમિત્તે તા. ૧૭-૧૧-૨૦૨૩ના રોજ ૫૦૦ બહેનોની ઉપસ્થિતિમાં શાનદાર મહિલા સંમેલન યોજાયું હતું. મધ્યાહ્ને પ્રતિષ્ઠિત થનાર મૂર્તિઓની ભવ્ય શોભાયાત્રા સૌ ગામજનોની ઉપસ્થિતિમાં કલાત્મક રથોમાં હર્ષોલ્લાસપૂર્વક યોજાઈ, જેમાં ૩૧ અશ્વસવારોએ અનોખું આકર્ષણ જમાવ્યું હતું. આજે સંધ્યાસભામાં યોજાયેલાં પ્રેરક પ્રવચનોમાં હિંમતનગર મંદિરના સંતોએ ભારતીય સનાતન સંસ્કૃતિનાં વિકાસમાં મંદિર અને સત્સંગનું મહત્ત્વ સમજાવ્યું હતું અને શ્રી વિનયભાઈ પટેલે ઈટાડી ગામનો ઈતિહાસ વર્ણવ્યો હતો.

તા. ૧૮-૧૧-૨૦૨૩ના રોજ માંગલિક સવારે મંદિર પરિસરમાં વિશ્વશાંતિ મહાયાગ યોજાયો હતો, જેમાં ૨૧૫ યજમાનોએ યજ્ઞવિધિનો લાભ પ્રાપ્ત કર્યો હતો. ત્યારબાદ ગુરુહરિ મહંત સ્વામી મહારાજનાં કરકમળો વડે

અમદાવાદમાં તા. ૨૯-૭-૨૦૨૨ના રોજ પ્રતિષ્ઠિત થયેલી મૂર્તિઓનો સ્થાપનવિધિ પૂજ્ય અક્ષરચરણદાસ સ્વામી અને સંતોની ઉપસ્થિતિમાં સંપન્ન થયો હતો.

પ્રતિષ્ઠા સભામાં સંતોનાં પ્રાસંગિક પ્રવચનો બાદ પૂજ્ય અક્ષરચરણદાસ સ્વામીએ આશીર્વચન પાઠવીને સમર્પણનિષ્ઠ ભક્તોની સેવાને બિરદાવી હતી. આમ આ મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ સમગ્ર ગામજનો માટે સમરસતા અને સમત્વનું એક અનોખું ઉદાહરણ બની રહ્યો હતો.

## કાનેરા ખાતે યોજાયો મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ

અરવલ્લી જિલ્લાના માલપુર તાલુકાના કાનેરા ગામમાં સત્સંગની શરૂઆત સન ૧૯૯૪થી થઈ હતી. બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજે જ્યારે મોડાસા મંદિરમાં મૂર્તિપ્રતિષ્ઠા કરવા આવ્યા હતા ત્યારે કાનેરાના જયેશભાઈ શંકરભાઈ પટેલ અને કનુભાઈ કાંતિભાઈ પટેલને સ્વામીશ્રીનાં દર્શનમાત્રથી સત્સંગનો રંગ લાગ્યો. આ હરિભક્તોએ ગામમાં સત્સંગનો શુભારંભ કર્યો. આ અરસામાં શ્રીરંગદાસ સ્વામી અને ધર્મવિનયદાસ સ્વામીના વિચરણથી કાનેરામાં સત્સંગમંડળની શરૂઆત થઈ. ત્યારબાદ સમયના વહેણ સાથે સંતોના સતત વિચરણથી સત્સંગ અને સત્પુરુષના મહિમાની ભાગીરથી ગામમાં અવિરત વહેવા લાગી. આબાલવૃદ્ધ હરિભક્તોની ભક્તિને વિશેષ પરિપોષણ આપવા માટે મંદિરની આવશ્યકતા ઊભી થઈ. સન ૨૦૨૦માં ગામના મુખ્ય પ્રવેશમાર્ગ પર ૭ ગુંઠા ભૂમિ સંપાદિત કરવામાં આવી હતી. ત્યારપછી આજુબાજુની ભૂમિ પટેલબંધુશ્રી કાંતિભાઈ, હસમુખભાઈ, જેસિંગભાઈ, લખાભાઈ વી., પ્રવીણભાઈ, સોમાભાઈ, લખાભાઈ એમ., ધુળાભાઈ, મનુભાઈએ અર્પણ કરતાં એક કુલ વીઘો ભૂમિ પ્રાપ્ત થઈ, પરંતુ આ ભૂમિ નીચાણમાં હોવાથી હરિભક્તોએ ૨૪૦૦ ટ્રેક્ટર-ટ્રોલી દ્વારા માટી પુરાણકામ શ્રમયજ્ઞ કરીને કર્યું. આ ભૂમિ પર તા. ૧૩-૧૧-૨૦૨૧ના રોજ સંતોની ઉપસ્થિતિમાં ખાતવિધિ યોજાયો અને સૌ હરિભક્તોના સેવા-સહયોગથી મંદિર નિર્માણ પામ્યું અને મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ આવી પહોંચ્યો.

મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવના ઉપક્રમે તા. ૨૧-૧૧-૨૦૨૩ના રોજ સવારે ૯૫૦ બહેનોની ઉપસ્થિતિમાં મહિલા સંમેલન યોજાયું હતું. ત્યારબાદ ઢળતી બપોરે પ્રતિષ્ઠિત થનાર મૂર્તિઓની ભક્તિસભર શોભાયાત્રા સુશોભિત રથોમાં યોજાઈ, જેમાં ૧૫૦૦ ભક્તો-ભાવિકો સંમિલિત થયા હતા. આજે સંધ્યા સમયે યોજાયેલી સત્સંગસભામાં મંગલપુરુષદાસ સ્વામીએ કથાવાર્તાનો લાભ આપીને જીવનમાં મંદિર અને સત્સંગનો મહિમા કહ્યો હતો.

તા. ૨૨-૧૧-૨૦૨૩ના રોજ સવારે વિશ્વશાંતિ મહાયજ્ઞ યોજાયો, જેમાં ૩૪૦ યજમાનોએ યજ્ઞવિધિનો લાભ પ્રાપ્ત કરીને કૃતકૃત્ય થયા હતા. પૂર્વે પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજનાં કરકમળો વડે તા. ૨૯-૭-૨૦૨૨ના રોજ વેદોક્તવિધિપૂર્વક પ્રતિષ્ઠિત થયેલી મૂર્તિઓનો સ્થાપનવિધિ પૂજ્ય આનંદસ્વરૂપદાસ સ્વામીની ઉપસ્થિતિમાં સંપન્ન થયો હતો. ત્યારબાદ યોજાયેલી પ્રતિષ્ઠા-સભામાં પૂજ્ય આનંદસ્વરૂપદાસ સ્વામીએ મંદિર દ્વારા જ જીવનમાં શ્રદ્ધા પ્રગટ થાય તે વિષયક મર્મસ્પર્શી કથાવાર્તાનો લાભ આપીને ગામજનોની સુખાકારી માટે પ્રાર્થના કરી હતી. અંતે મંદિરનિર્માણ અને ઉત્સવમાં સેવા આપનાર હરિભક્તોને સંતોએ બિરદાવ્યા હતા.

શ્રી જયેશભાઈ પટેલ, ઘનશ્યામભાઈ પટેલ, ડાહ્યાભાઈ





કાનેરામાં યોજાયેલી શોભાયાત્રામાં સામેલ સંતો-હરિભક્તો તેમજ મૂર્તિસ્થાપનવિધિમાં રત પૂજ્ય આનંદસ્વરૂપદાસ સ્વામી...

પ્રજાપતિ (મોડાસા), ડૉ. હેમંતભાઈ પટેલ, ડૉ. જિતેન્દ્રભાઈ સોમપુરા, જગદીશભાઈ પટેલ, કાંતિભાઈ પટેલ વગેરે હરિભક્તોના સેવા સહયોગથી મંદિરનિર્માણ થયું અને પ્રતિષ્ઠા ઉત્સવ શાનદાર રીતે સંપન્ન થયો હતો.

ઈટાડી અને કાનેરામાં સત્સંગ વિચરણ કરતા પૂજ્ય મંગલપુરુષદાસ સ્વામી અને નિર્મલચરણદાસ સ્વામીના માર્ગદર્શન હેઠળ સ્વયંસેવકોએ કરેલી નિષ્ઠાસભર સેવાથી વાતાવરણને ધન્ય કર્યું હતું. ઢળતી બપોરે પ્રતિષ્ઠિત થનારી મૂર્તિઓની શોભાયાત્રા ત્રણ સુશોભિત રથ અને ત્રણ વિવિધ પ્રેરણાત્મક ફ્લોટ્સમાં નારદીપુરની શેરીઓમાં આરંભાઈ. ગામજનોએ આ ભક્તિમય શોભાયાત્રાને અક્ષત -પુષ્પોથી વધાવી હતી.

તા. ૫-૧૨-૨૦૨૩ના રોજ પ્રાતઃકાળે મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ નિમિત્તે હરિભક્તોની ઉપસ્થિતિમાં મહાપૂજાવિધિ




નારદીપુર ખાતે નવનિર્મિત બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરમાં વિધિવત્ પ્રાસાદ પ્રવેશવિધિ કરતા પૂજ્ય સંતો...

આ બંને ગામોમાં ઊજવાયેલા મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવો ગામના ઈતિહાસમાં એક સુવર્ણપૃષ્ઠ સમાન બની રહ્યા.

## નારદીપુર ખાતે મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ

ઉત્તર ગુજરાતના કલોલ તાલુકાના નારદીપુર ગામમાં ભગવાન શ્રી સ્વામિનારાયણ અહીંના નિષ્ઠાવાન ભક્તરાજ નાનાભાઈ વિપ્રના પ્રેમ-સમર્પણથી અનેકવખત પધાર્યા હતા. બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજે અને પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજે પણ વખતોવખત આ ગામમાં પધરામણીઓ કરીને તીર્થત્વ બક્ષ્યું છે. એવા પ્રાસાદિક ગામ નારદીપુરમાં નવનિર્મિત બી.એ.પી.એસ. મંદિરમાં મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ શાનદાર રીતે ઊજવાઈ ગયો.

આ મંદિરમાં ચતુર્દિવસીય મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવના ઉપક્રમે તા. ૨-૧૨-૨૦૨૩ના રોજ સંધ્યાસભામાં અમદાવાદના સંગીતજ્ઞ યુવકો દ્વારા કીર્તન-આરાધના યોજાઈ હતી. તા. ૩-૧૨-૨૦૨૩ના રોજ કલોલ યુવકમંડળે 'મંદિરમાં પ્રભુ બિરાજે છે' નૃત્યનાટિકા પ્રસ્તુત કરી, જેના દ્વારા ગામજનોને મંદિરનું વિશેષ મહત્ત્વ સમજાયું હતું. તા. ૪-૧૨-૨૦૨૩ના રોજ સવારે વિશ્વશાંતિ સ્વામિનારાયણ મહાયજ્ઞ યોજાયો, જેમાં ૧૨૫થી વધુ યુગલોએ યજમાનપદે વિરાજીને વૈદિક મંત્રોચ્ચાર વચ્ચે મન, હૃદય અને યોજાયો. ત્યારબાદ પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે બોચાસણમાં તા. ૧૭-૧૧-૨૦૨૩ના રોજ વિધિવત્ પ્રતિષ્ઠિત કરેલી મૂર્તિઓનો સ્થાપનવિધિ પૂજ્ય આનંદસ્વરૂપદાસ સ્વામી અને સંતોની ઉપસ્થિતિ સંપન્ન થયો હતો. પ્રાસંગિક સભામાં સંતોએ આશીર્વચન પાઠવીને સૌ ગ્રામજનોને આ મંદિરમાં દર્શન અને કથાવાર્તાનો લાભ લેવા વિશેષ અનુરોધ કર્યો. સભાને અંતે મંદિરનિર્માણ અને ઉત્સવમાં તન, મન, ધનથી સવિશેષ સહકાર આપનાર શ્રી વિષ્ણુભાઈ, ચંદ્રેશભાઈ, નટુભાઈ, શૈલેશભાઈ, પ્રવીણભાઈ, નરેન્દ્રભાઈ, કાંતિભાઈ, બાબુભાઈ, પંકજભાઈ, રમેશભાઈ, મિત્તલભાઈ, કનુભાઈ, સંજયભાઈ વગેરે સ્વયંસેવકોને પુષ્પહાર, શાલ અર્પણ કરીને સંતોએ સન્માનિત કર્યા હતા.

## ગોઝારિયા ખાતે મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ

બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ અને ગુરુહરિ મહંત સ્વામી મહારાજના પદરજથી પાવન થયેલા મહેસાણા જિલ્લાના ગોઝારિયા ગામમાં વર્ષોપૂર્વે સત્સંગની શરૂઆત થઈ હતી. અવારનવાર વરિષ્ઠ સંતોએ પધારીને અત્રેના ગતિમાન સત્સંગને વિશેષ નવપલ્લવિત કર્યો છે. એવા ગોઝારિયામાં નવનિર્મિત મંદિરમાં પ્રાણપ્રતિષ્ઠા ઉત્સવ

આનંદ-ઉત્સાહપૂર્વક યોજાઈ ગયો.

તા. ૧૫-૧૨-૨૦૨૧ના રોજ પૂજ્ય આનંદસ્વરૂપદાસ સ્વામીની ઉપસ્થિતિમાં ખાતવિધિ યોજાયો ત્યારથી જ મંદિર નિર્માણકાર્યનો શુભારંભ થયો. ત્યારપછી સતત બે વર્ષ દરમ્યાન હરિભક્તોએ નિત્ય કરેલા અવિરત સેવામય પુરુષાર્થથી ત્રિશિખરીય મંદિર નિર્માણ પામ્યું. આ મંદિરમાં ચતુર્દિવસીય મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવના ઉપક્રમે તા. ૧૨-૧૨-૨૦૨૩ના રોજ સંધ્યાસભામાં કીર્તનભક્તિ યોજાઈ હતી, જેમાં સારંગપુરથી પધારેલા મધુરવદનદાસ સ્વામી તથા સંગીતજ્ઞ સંતોએ સૂરીલાકંઠે કીર્તનો આલાપીને સૌને ભક્તિમગ્ન બનાવી દીધા હતા. બીજા દિવસે સંધ્યાસભામાં કલોલ યુવકમંડળે 'મંદિરમાં પ્રભુ વિરાજે છે' નૃત્યનાટિકા પ્રસ્તુત કરી હતી. તા. ૧૪-૧૨-૨૦૨૩ના રોજ સવારે યજ્ઞશાળામાં વિશ્વશાંતિ મહાયજ્ઞની શરૂઆત થઈ, તેમાં ૩૫૦ યુગલોએ યજમાન પદે વિરાજીને વૈદિક મંત્રોચ્ચાર વચ્ચે યજ્ઞવિધિમાં જોડાઈને મંગલ પ્રાર્થનાઓ કરી. યજ્ઞની પૂર્ણાહુતિ પછી અપરાહ્નને પ્રતિષ્ઠિત થનાર મૂર્તિઓની શાનદાર શોભાયાત્રા યોજાઈ. ત્રણ કલાત્મક રથ અને વિવિધ પ્રેરણાત્મક ફ્લોટ્સમાં યોજાયેલી આ ભક્તિમય શોભાયાત્રા ગામમાંથી પસાર થઈ ત્યારે સૌએ તેને અક્ષત અને પુષ્પોથી વધાવી હતી. અંતે શોભાયાત્રા મંદિરમાં વિરમી ત્યારે રથોમાં વિરાજમાન દેવસ્વરૂપોને આરતીથી સૌએ વધાવ્યા અને અંતે શાનદાર આતશબાજીએ પણ અનોખી રંગત જમાવી દીધી.

તા. ૧૫-૧૨-૨૦૨૩ના રોજ સવારે પ્રતિષ્ઠાવિધિનો પ્રારંભ વેદોક્ત મહાપૂજાવિધિથી થયો. બોચાસણમાં પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજનાં કરકમળો વડે તા. ૧૭-૧૧-૨૦૨૩ના રોજ પ્રતિષ્ઠિત થયેલી મૂર્તિઓનો વૈદિક સ્થાપનવિધિ અત્રેના કલાત્મક સિંહાસનોમાં પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામી અને આનંદસ્વરૂપદાસ સ્વામીની ઉપસ્થિતિમાં સંપન્ન થયો. ત્યારપછી પ્રાસંગિક સભામાં સંતોનાં પ્રાસંગિક વક્તવ્ય પછી પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામીએ આશીર્વચન પાઠવીને આ મંદિરનો મહત્તમ લાભ લેવાનો અનુરોધ કરીને સૌ ગ્રામજનોની સુખાકારી માટે વિશેષ પ્રાર્થના કરી હતી. સભાના અંતમાં મંદિરના ભૂમિદાતા શ્રી મંગળભાઈ, ડાહ્યાભાઈ, વિશાલભાઈ તથા મંદિરનિર્માણ અને ઉત્સવમાં તન, મન અને ધનથી સહકાર આપનાર શ્રી કાંતિભાઈ પાઠક, વિપુલભાઈ પાઠક, ડૉ. જિતુભાઈ, વિનુભાઈ(યુ.કે.), મનહરભાઈ(યુ.કે.), પ્રભુદાસભાઈ, રોહિતભાઈ, વિજયભાઈ(યુ.એસ.એ.), કનુભાઈ, બિપીનભાઈ, કૌશિકભાઈ, ડૉ. વિપુલભાઈ, રસિકભાઈ, લક્ષ્મણભાઈ, જયેશભાઈ વગેરે સ્વયંસેવકોને પુષ્પહાર, શાલ અર્પણ કરીને સંતોએ સન્માનિત કર્યા હતા.





નૂતન બી.એ.પી.એસ. મંદિર ગોઝારિયા અને તેના કલામંડિત સિંહાસનમાં મૂર્તિસ્થાપનવિધિ કરતા આનંદસ્વરૂપદાસ સ્વામી...

પ્રગટ ગુરુહરિ મહંત સ્વામી મહારાજની આજ્ઞાથી નારદીપુર અને ગોઝારિયા તેમજ આ વિસ્તારમાં વિચરણ કરતા ઋષિચિંતનદાસ સ્વામી અને નીલકંઠમુનિદાસ સ્વામીના માર્ગદર્શન હેઠળ સ્વયંસેવકોએ કરેલી અથાગ સેવાથી બંને ગામોમાં મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ શાનદાર રીતે સંપન્ન થયા હતા.

## સરદારનગર (વડોદરા)માં મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ

સન ૧૯૭૨મા આફ્રિકાથી પરત ફરીને દેશમાં સ્થાયી થયેલા હરિભક્તોમાંથી જે ભક્તો-ભાવિકો વડોદરામાં આવ્યા તે સરદારનગર સોસાયટીમાં સ્થાયી થયા હતા. તેઓએ સન ૧૯૭૨માં બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી

મહારાજની આજ્ઞાથી શ્રી જશભાઈ પટેલના ઘરે સત્સંગસભાની શરૂઆત કરી હતી. તે અરસામાં બાળમંડળ અને મહિલામંડળની પણ શરૂઆત થઈ હતી. તે વખતે ઉત્સાહી યુવકોના સેવામય પુરુષાર્થથી સરદારનગર ખાતે વડોદરા શહેરનું પ્રથમ હરિમંદિર નિર્માણ પામ્યું હતું. તેમાં તા. ૨૫-૧-૧૯૭૭ના રોજ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના વરદ હસ્તે મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ યોજાયો હતો. થઈને ધન્યતા અનુભવી. એજ દિવસે સાંજે ૪ વાગે મંદિરમાં પ્રતિષ્ઠિત થનાર મૂર્તિઓની શોભાયાત્રા વડોદરાના રાજમાર્ગો પર નીકળી હતી, જેમાં વિવિધ કલાત્મક રથમાં ઠાકોરજી સૌને દર્શનદાન આપી રહ્યા હતા. મંદિરો સમાજનું કેવું જતન કરે છે તેનો સંદેશ આપતા વિવિધ ફ્લોટ, ભજન મંડળી, નૃત્યવૃંદ, બુલેટ પર સવાર યુવાવૃંદ, સંતવૃંદ, હરિભક્તવૃંદ તેમજ કળશ અને





સરદારનગરમાં યોજાયેલા યજ્ઞમાં વેદોક્તવિધિમાં રત યજમાનો તથા મૂર્તિસ્થાપનવિધિ કરતા પૂજ્ય વિવેકસાગરદાસ સ્વામી...

ત્યારપછી તો જ્યારે જ્યારે પ્રમુખસ્વામી મહારાજ અટલાદરામાં વસંતપંચમીનો ઉત્સવ કરવા પધારતા ત્યારે ત્યારે સરદારનગર મંદિરના પાટોત્સવમાં પણ અચૂક પધારતા. આમ સ્વામીશ્રીએ ૧૪ વખત આ મંદિરના પાટોત્સવમાં પધારીને કથાવાર્તા અને આશીર્વાદનો લાભ આપ્યો હતો. ત્યારપછી આજદિન સુધી અટલાદરા મંદિરથી સંતોએ નિયમિત વિચરણ કરીને કથાવાર્તા, પધરામણીઓ, ઉત્સવો કરીને સરદારનગરના સત્સંગને નવપલ્લવિત રાખ્યો છે. તાજેતરમાં આ મંદિરનું બાંધકામ જર્જરિત થતાં અટલાદરા મંદિરના કોઠારી ભાગ્યસેતુદાસ સ્વામી અને સ્થાનિક હરિભક્તોએ આ પ્રાસાદિક સ્થાને જ નૂતન મંદિર રચવાનો નિર્ણય લીધો. મંદિરનિર્માણની સમગ્ર જવાબદારી ધર્મજના વતની અને સરદારનગરમાં વર્ષોથી સ્થાયી થયેલા 'સ્વામી કન્સ્ટ્રક્શન' કંપનીના માલિક શ્રી રસિકભાઈ પટેલે ઉપાડી લીધી. ભાગ્યસેતુદાસ સ્વામી, ઉદારચરિતદાસ સ્વામી અને આર્કિટેક્ટ શ્રી સંજયભાઈ પટેલના માર્ગદર્શન મુજબ સત્વરે મંદિરનું નિર્માણકાર્ય સંપન્ન થયું.

તેમાં મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવના ઉપક્રમે તા. ૧૪-૧૨-૨૦૨૩ના રોજ વિશ્વશાંતિ મહાયજ્ઞ યોજાયો, જેમાં ૨૦૦થી વધુ યજમાનોએ યજ્ઞવિધિમાં સંમિલિત પોથીધારી મહિલાઓ, સ્કૂટી પર સવાર યુવતીઓ, મહિલાવૃંદ વગેરે વિવિધતા ધરાવતી શોભાયાત્રાએ શહેરમાં ભક્તિભાવનું અનેરું મોજું પ્રસરાવી દીધું હતું. ભક્તો-ભાવિકોએ ઠાકોરજી પર અક્ષત અને પુષ્પવૃષ્ટિ કરી ખૂબ જ ભક્તિભાવપૂર્વક દર્શન કર્યાં હતાં.

તા. ૧૭-૧૧-૨૦૨૩ના રોજ બોચાસણ ખાતે પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજનાં કરમકળો દ્વારા પ્રતિષ્ઠિત થયેલી મૂર્તિઓની સ્થાપનવિધિ નૂતન મંદિરના કલાત્મક સિંહાસનમાં પૂજ્ય વિવેકસાગરદાસ સ્વામીની ઉપસ્થિતિમાં તા. ૧૫-૧૨-૨૦૨૩ના રોજ સવારે સંપન્ન થયો. પ્રાસંગિક સભામાં વિવેકસાગરદાસ સ્વામીએ આશીર્વચન પાઠવ્યાં હતાં. અટલાદરા મંદિરથી અહીં વિચરણ કરતા હરિકિશોરદાસ સ્વામી, ભગવતચિંતનદાસ સ્વામીના માર્ગદર્શન હેઠળ શૈલેશભાઈ બારોટ, રાજાભાઈ પટેલ, રમેશભાઈ ટાંક, વિજયભાઈ બ્રહ્મભટ્ટ, અતુલભાઈ પટેલ, દીપકભાઈ ગોહિલ, બ્રિજેશભાઈ પટેલ, પૂનમભાઈ પટેલ, મહેન્દ્રભાઈ પટેલ, હરિકૃષ્ણભાઈ પટેલ, વિપીનભાઈ પટેલ, પ્રશાંતભાઈ શાહ હરિભક્તોના સેવા-સમર્પણથી તેમજ ઈન્દુબહેન એસ. પટેલ, સંગીતાબહેન એ. પટેલ વગેરે બહેનોની વિશેષ સેવાથી આ ઉત્સવ શોભી ઊઠ્યો હતો. ◆

# ભારતના સંરક્ષણ પ્રધાન શ્રી રાજનાથસિંહ બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિર, નિસડનની દર્શન-મુલાકાતે






ભારતના સંરક્ષણમંત્રી શ્રી રાજનાથસિંહ તાજેતરમાં યુ.કે.ની મુલાકાતે પધાર્યા હતા. તેઓના વ્યસ્ત કાર્યક્રમોમાંથી સમય ફાળવીને તા. ૯-૧-૨૦૨૪ના રોજ લંડન સ્થિત બી.એ.પી.એસ. સ્વામિનારાણ મંદિર નિસડનની દર્શન-મુલાકાતે પધાર્યા હતા. તેઓની સાથે યુ.કે.માં કાર્યરત ભારતીય હાઈ કમિશનર દોરાઈસ્વામી અને પ્રતિનિધિમંડળ મંદિરની મુલાકાતમાં પધાર્યા હતા.

મંદિર પરિસરમાં પૂજ્ય યોગવિવેકદાસ સ્વામી અને અગ્રણી હરિભક્તોએ ભારતીય પરંપરા મુજબ શ્રી રાજનાથસિંહનું સ્વાગત કર્યું હતું. ભારતીય સ્થાપત્ય શૈલી અનુસાર યુરોપ ખંડમાં રચાયેલા આ પ્રથમ મંદિરની અનેકવિધ વિશેષતાઓ અને નજાકત ભરી કલા-કોતરણી, તેમાં રસાયેલાં ભારતીય મૂલ્યો અને આધ્યાત્મિક સંદેશને તેઓએ હૃદયસ્થ કર્યો હતો. શ્રી નીલકંઠવર્ણી મહારાજ પર જલાભિષેક કરીને વિશેષ પ્રાર્થના કરી હતી. સમર્પિત સ્વયંસેવકો સાથેની વાતચીતમાં મંદિર નિર્માણનો રોચક ઈતિહાસ જાણીને સ્વયંસેવકોને આ અદભુત સેવા બદલ બિરદાવ્યા હતા. શ્રી રાજનાથસિંહે યુ.કે. અને યુરોપમાં સત્સંગપ્રવૃત્તિનું સૂત્ર સંભાળતા સંતો સાથે મુલાકાત યોજી હતી, તેમાં સનાતન હિન્દુ ધર્મ અને સાંસ્કૃતિક મૂલ્યોનો પ્રચાર કરવામાં સંતોની પ્રતિબદ્ધતા નીરખીને આભાર અને અહોભાવ પ્રગટ કર્યો હતો. તેમણે સંતોને સાંસ્કૃતિક રાજદૂત કહીને નવાજ્યા હતા.

ભારતની સંસ્કૃતિને વિશ્વવ્યાપી બનાવવામાં અને હિન્દુ ધર્મ પ્રત્યેની વિશ્વના લોકોની ભાવના અને વિચારસરણી બદલવામાં બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાની ભૂમિકાની પ્રશંસા કરી હતી. શ્રી રાજનાથસિંહે કહ્યું, 'મેં લંડનમાં બારીક નકશીકામ સભર બી.એ.પી.એસ. શ્રી સ્વામિનારાયણ મંદિરનાં દર્શનનો લાભ લઈને અસીમ શાંતિનો અનુભવ કર્યો છે અને વ્યક્તિગત પ્રાર્થના કરી છે કે ઈશ્વર મને સંપૂર્ણપણે અહંકાર રહિત બનવાની ક્ષમતા બક્ષે. મંદિરના દિવ્ય વાતાવરણમાં માનવના અહંકારનું બાષ્પીભવન થાય છે. ભગવાનના આશીર્વાદથી જ આવું થાય છે. આ જ અનુભવ છે જે મને અહીં મળ્યો.'

અગ્રણી હરિભક્ત શ્રી જીતુ પટેલે કહ્યું હતું કે 'સંરક્ષણમંત્રીશ્રી રાજનાથસિંહે તેમના વ્યસ્ત કાર્યક્રમમાંથી સમય કાઢીને બી.એ.પી.એસ. મંદિરની મુલાકાત લીધી તે બદલ અમે તેમનો આભાર માનીએ છીએ. ભારતના હાઈ કમિશન અને બ્રિટિશ સરકાર સાથેના અમારા સકારાત્મક સંબંધોને કારણે ભારતીય સાંસ્કૃતિક મૂલ્યોને વિશ્વવ્યાપી બનાવવામાં અમને પૂરતી અનુકૂળતા રહેશે.'

◆

# શ્રીરામજન્મભૂમિ મંદિરના અક્ષતકુંભનાં બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરોમાં આનંદોલ્લાસપૂર્વક વધામણાં






શ્રી રામજન્મભૂમિ તીર્થક્ષેત્ર અયોધ્યાથી શ્રી રામલલ્લા પ્રાણ-પ્રતિષ્ઠા આનંદ ઉત્સવ નિમિત્તે વિશ્વ હિન્દુ પરિષદ દ્વારા આવેલા અક્ષતકુંભ કળશ-પૂજનનો કાર્યક્રમ ભારતભરમાં આવેલાં બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરોમાં યોજાઈ ગયો.

દિલ્હી, ગાંધીનગર, અમદાવાદ, રાજકોટ, નાગપુર, ભાવનગર, ગઢડા, આણંદ, જૂનાગઢ, જામનગર, ભુજ, નડિયાદ, સુરેન્દ્રનગર, ધોળકા, સાંકરી, મહુવા, ઉકાઈ, ધોરાજી, બોટાદ, કુતિયાણા, પોરબંદર, અમરેલી, ગાંધીધામ વગેરે સેંકડો બી.એ.પી.એસ. મંદિરોમાં અક્ષતકુંભની વધામણીના કાર્યક્રમો યોજાઈ ગયા. મંદિરના મુખ્ય પ્રવેશદ્વાર પર જયનાદો સાથે સંતો-હરિભક્તો દ્વારા અક્ષતકુંભનું હર્ષભેર સ્વાગત કરવામાં આવતું હતું. સંતોએ અક્ષતકુંભ ગ્રહીને મંદિરના મધ્યખંડમાં શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજની સમક્ષ વિરાજમાન કરીને પુષ્પહાર અર્પણ કરીને વેદોક્ત પૂજનવિધિ કરીને આરતી-અર્ઘ્ય અર્પણ કરાયું હતું. ત્યારબાદ પ્રાસંગિક સભા યોજાઈ હતી. જેમાં સંતોએ સમયે સમયે બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ, બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજની સાથે તેઓના અનુગામી પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ પણ શ્રીરામજન્મભૂમિ અયોધ્યા માટે કરેલાં અનેકવિધ કાર્યોને વર્ણવ્યાં હતાં. ઉપસ્થિત વિશ્વ હિન્દુ પરિષદના કાર્યકરોએ પણ પ્રાસંગિક ઉદ્‌બોધન કર્યાં હતાં. અંતે શુભ સંકલ્પો સાથે વિશેષ ધૂન-પ્રાર્થના કરીને સૌ હરિભક્તોએ ભક્તિભાવપૂર્વક અક્ષતકળશનાં દર્શન કરીને પ્રસ્થાન કરાવ્યું હતું.

બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિર શાહીબાગ ખાતે બી.એ.પી.એસ. સંસ્થાના કન્વીનર પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામીએ તા. ૩૧-૧૨-૨૦૨૩ના રોજ અક્ષતકુંભનું સ્વાગત કરીને તેનું વેદોક્તવિધિથી પૂજન કર્યું હતું. આજ રીતે દરેક બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરમાં શ્રીરામમંદિરના અક્ષતકુંભના વધામણાંનો પ્રશંસનીય અને વંદનીય કાર્યક્રમ યોજાયો હતો. ◆



# હિંમતનગર બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરના દશાબ્દી ઉત્સવના ઉપક્રમે યોજાયો સમૂહ લગ્નોત્સવ





તા. ૧૨-૧૨-૨૦૧૩ના રોજ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના વરદ હસ્તે પ્રતિષ્ઠિત થયેલા બી.એ.પી.એસ. મંદિર હિંમતનગરને આ વર્ષે દસ વર્ષ પૂર્ણ થતાં દશાબ્દી ઉત્સવ યોજાયો હતો. તે ઉપક્રમે હિંમતનગર સત્સંગ પ્રવૃત્તિ દ્વારા સમગ્ર વર્ષ દરમ્યાન શહેર અને ગ્રામ્ય ક્ષેત્રોમાં અનેકવિધ સત્સંગલક્ષી પ્રેરક કાર્યક્રમોની હારમાળા રચાઈ હતી. તે ઉપક્રમે તા. ૨૨-૧૨-૨૦૨૩ના રોજ હિંમતનગર મંદિરમાં સમૂહ લગ્નોત્સવ યોજાયો હતો. આદિવાસી સમાજમાં પ્રવર્તમાન કુરિવાજોને બાજુએ મૂકીને બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા દ્વારા વેદોક્ત સમૂહ લગ્નોત્સવ યોજાયો હતો. જેની શરૂઆત વનવાસી સંમેલનથી થઈ, જેમાં પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામી અને વિવેકસાગરદાસ સ્વામીએ આશીર્વચન આપ્યાં હતાં. સંમેલન પછી લગ્નવિધિ યોજાયો હતો, જેમાં ૧૦૦ નવદંપતીઓએ પ્રભુતામાં પગલાં માંડીને ગૃહસ્થાશ્રમમાં પ્રવેશ કર્યો હતો. સંસ્થા દ્વારા આ યુગલોને કરિયાવર ભેટમાં આપવામાં આવ્યો હતો.

અત્રે ઉલ્લેખનીય છે કે સ્વામીશ્રીના આશીર્વાદનો લાભ લેવા માટે આ યુગલો લગ્ન પૂર્વે તા. ૧૯-૧૨-૨૦૨૩ના રોજ સુરત ખાતે પધાર્યા હતા. પ્રાતઃપૂજામાં વરરાજાઓને સ્વામીશ્રીએ દૃષ્ટિ દ્વારા આશીર્વાદ અર્પ્યા. વરરાજાઓ સાથે સમૂહ છબિ પડાવીને સૌને કાયમી સંભારણું આપ્યું હતું. સૌને આશીર્વાદથી કૃતાર્થ કરતાં સ્વામીશ્રીએ કહ્યું: ''લગ્ન એ પવિત્ર વિધિ છે. આપણો વંશ ચાલુ રહે એ હેતુથી આ વિધિ છે. દુર્વ્યસનો, માંસાહાર વગેરે છોડીને પવિત્ર, નવેસરથી જીવન તમે જીવવાના છો; તમને બધાને ધન્યવાદ છે. કેમ કે આવી બદીમાંથી બહાર નીકળીને, કંઠી ધારણ કરવી, કેટલી મોટી વાત છે! પતિ-પત્ની એકબીજાંને વફાદાર રહે, ને એક જ લગ્ને પાર! સુખ હોય કે દુઃખ, સફળતા હોય કે નિષ્ફળતા. જીવનની દરેક ક્ષણે એકબીજાં સાથે ઊભાં રહેવાની પ્રતિજ્ઞા એટલે લગ્નનું પવિત્ર બંધન. એકબીજાં સાથે જીવનપર્યંત રહેવાનો બે વ્યક્તિઓએ કરેલો નિર્ધાર એટલે લગ્ન. વફાદારી એટલે જીવનની દરેકે દરેક વસ્તુ અને દરેક ક્ષણ પ્રેમથી એકબીજા સાથે વહેંચવી તે. એમાં બધાં નિયમ અને ધારાધોરણ છે. આ કંઠી બરાબર પાકી રાખવી અને અનુસરવી. એટલે તમારું જીવન ધન્ય, ઉચ્ચ કોટિનું થઈ જશે. તમે બધા સુંદર થઈ જશો.''

આ મંદિરનો દસમો પાટોત્સવ આવી પહોંચતા મંદિર પરિસરમાં તા. ૨૨ થી ૨૫-૧૨-૨૦૨૩ દરમ્યાન અનુક્રમે શહેર અને ગ્રામ્ય ક્ષેત્રનું મહિલા સંમેલન, ૪૭૯૫ યજમાન યુગલોની ઉપસ્થિતિમાં વિશ્વશાંતિ મહાયજ્ઞ, બાળદિન, યુવાદિન અને અંતે મંદિર પાટોત્સવ યોજાયો હતો. ◆



# દક્ષિણ ગુજરાતના બી.એ.પી.એસ. મંદિર સાંકરી ખાતે શાનદાર રીતે ઊજવાયો મંદિર સુવર્ણ મહોત્સવ

બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજના સંકલ્પ અનુસાર બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજે સાંકરીમાં તા. ૩-૬-૧૯૭૧ના રોજ એક શિખરીય મંદિરમાં મૂર્તિપ્રતિષ્ઠા કરી હતી. ત્યારબાદ વર્ષો સુધી બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજે અને પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજે વખતોવખત સાંકરી અને દક્ષિણ ગુજરાતના છેવાડા વિસ્તારનાં અંતરિયાળ ગામોમાં કઠિન વિચરણ કરીને સત્સંગને અવિરત પુષ્ટિ આપી છે. આ રળિયામણી પવિત્ર ભૂમિ પર પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજે અથાક પુરુષાર્થ કરીને એક શિખરના મંદિરમાંથી પંચ-શિખરબદ્ધ કલાત્મક મંદિરનું નિર્માણ સન ૨૦૦૧માં કર્યું હતું.

દક્ષિણ ગુજરાતના લાખો ભક્તો-ભાવિકોના સત્સંગ, સંસ્કાર અને જીવનપરિવર્તનની ગંગોત્રી સમા આ મંદિરને ૫૦ વર્ષ પૂર્ણ થતાં સૌના અપાર ઉત્સાહ વચ્ચે તા. ૧૨ થી ૧૯ નવેમ્બર, ૨૦૨૩ દરમ્યાન 'સુવર્ણ મહોત્સવ' યોજાયો હતો. તે ઉપક્રમે સાંકરી મંદિરનું ૨૮ વીઘાનું વિશાળ પ્રાંગણ પ્રમુખસ્વામી મહારાજ નગરમાં ફેરવાઈ ગયું હતું. વિવિધ આકર્ષણોથી યુક્ત આ નગરમાં પારિવારિક મૂલ્યો સંબંધી પ્રેરણા આપતો 'ઘરસભા' પ્રદર્શન ખંડ, નવધાભક્તિ પ્રદર્શન ખંડ, દક્ષિણ ગુજરાત પર કરેલી ઉપકાર વર્ષાને દર્શાવતો 'સાંકરી અને સત્પુરુષ' પ્રદર્શન ખંડ, પ્રમુખસ્વામી મહારાજના નિઃસ્વાર્થ વાત્સલ્યને વર્ણવતો 'સંત પરમ હિતકારી' પ્રદર્શન ખંડ, ગૌરવવંતા નાગરિક બનવાની પ્રેરણા આપતો 'હમારા ભારત મેરા ભારત' પ્રદર્શન ખંડ, વ્યસનમુક્તિની પ્રેરણા આપતો 'મુક્તાનંદ' પ્રદર્શન ખંડ, માતા-પિતાના ઋણનું સ્મરણ કરાવતો 'બુઝો' પ્રદર્શન ખંડ, મંદિર મહિમાની સુંદર અને આકર્ષક પ્રસ્તુતિ કરતો 'મંદિરમ્' લાઇટ એન્ડ સાઉન્ડ શો. બાળકોને સંસ્કારલક્ષી મનોરંજન પમાડતી બાળનગરી, પ્રમુખરાજ બેન્ડ, ભજનકુટિર વગેરેથી શોભતું પ્રમુખસ્વામી નગર સૌના હૈયે વસી ગયું હતું. આ નગરને ૨,૬૦,૪૭૦થી વધારે ભક્તો-ભાવિકોએ નિહાળ્યું હતું. આ ઉત્સવમાં નગરની વિવિધ સેવાઓમાં સાંકરી મંદિરના સંતો, ૭૦૦ સ્વયંસેવકો તથા ૪૦૦થી વધુ બાળ કાર્યકરોએ અવિરત સેવા આપીને નગરને ધબકતું રાખ્યું હતું.

તા. ૧૯-૧૧-૨૦૨૩ના રોજ પૂજ્ય ભક્તિપ્રિયદાસ સ્વામીની ઉપસ્થિતિમાં સુવર્ણ મહોત્સવની મુખ્ય સભા સાંજે ૫:૦૦ થી ૮:૩૦ દરમ્યાન યોજાઈ હતી, જેમાં ૧૨,૦૦૦થી વધુ લોકોએ લાભ લીધો હતો. આમ પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજનાં આશીર્વાદ અને પ્રેરણાથી આ ઉત્સવ ખૂબ જ ભવ્યતા અને દિવ્યતાપૂર્વક સંપન્ન ભક્તિ-સત્સંગનો નૂતન ઉજાસ પથરાઈ ગયો હતો. ◆

### પૂજ્ય વેદનિધિદાસ સ્વામી, સુરત, ઉં.વ. ૩૭, અક્ષરવાસ તા. ૨૮-૧૨-૨૦૨૩



બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજનાં કરકમળો વડે સન ૨૦૧૨માં દીક્ષા ગ્રહણ કરનાર પૂજ્ય વેદનિધિદાસ સ્વામીએ પૂર્વાશ્રમમાં એક આયુર્વેદ ડૉક્ટર તરીકે પોતાની કારકિર્દી ઘડીને પ્રમુખસ્વામી મહારાજને પોતાનું જીવન સમર્પિત કર્યું હતું. સારંગપુર સંત પ્રશિક્ષણ પૂર્ણ કર્યા બાદ પ્રમુખસ્વામી મહારાજની આજ્ઞાથી સુરત મંદિર અને ત્યારબાદ ભાવનગરમાં રહીને સેવાઓ આપી રહ્યા હતા. તેઓને છેલ્લા થોડાક મહિનાઓથી તેમનું સ્વાસ્થ્ય અત્યંત નાદુરસ્ત થઈ ગયું હતું, પરંતુ તેની વચ્ચે પણ સેવા-સત્સંગ-ભક્તિમાં દૃઢ રહીને તેમણે સૌનો રાજીપો સંપાદિત કર્યો હતો. તેમણે ગુરુહરિ મહંત સ્વામી મહારાજની પ્રસન્નતા પ્રાપ્ત કરીને જીવન સાર્થક કરી લીધું હતું. તેમના અક્ષરવાસથી એક નવયુવાન સંતની ખોટ પડી છે. તેઓને હાર્દિક શ્રદ્ધાંજલિ...

### ભક્તરાજ શ્રી જશવંતભાઈ ચીમનલાલ જાજલ, અમદાવાદ, ઉં.વ. ૭૫, અક્ષરવાસ તા. ૬-૧૦-૨૦૨૩



બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજના અત્યંત કૃપાપાત્ર એવા છગનભાઈ ગગાભાઈ ખત્રી(લીંબડી)ના પૌત્ર તથા નિષ્ઠાવાન સેવક ભક્તરાજ શ્રી જશવંતભાઈ ચીમનલાલ જાજલ(ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ)ના ધામગમનથી એક અપૂરણીય ખોટ પડી છે. તેઓએ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજની આજ્ઞાથી સન ૧૯૮૫થી બી.એ.પી.એસ. સંસ્થામાં હિસાબી કામકાજ સંભાળ્યું હતું. ત્યારબાદ વર્ષો સુધી એક સંનિષ્ઠ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ તરીકે તેમણે સંસ્થાના મુખ્ય ઑડિટર તરીકે સેવાઓ આપી હતી. સન ૨૦૧૪થી પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજ તથા પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામીની આજ્ઞાથી બી.એ.પી.એસ. સંસ્થાના મધ્યસ્થ હિસાબી કાર્યાલયમાં ચીફ એકાઉન્ટન્ટ તરીકે પૂર્ણ કાલીન સેવક તરીકે સેવામાં જોડાઈ ગયા હતા. બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ, બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ તથા પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજ અને સર્વે સદગુરુ સંતોના અત્યંત કૃપાપાત્ર એવા શ્રી જાજલસાહેબના અક્ષરવાસથી એક અગ્રણી હરિભક્ત અને સમર્પિત નિષ્ઠાવાન કાર્યકરની ખોટ પડી છે. તેમને હાર્દિક શ્રદ્ધાંજલિ...

### ભક્તરાજ શ્રી ઉપેન્દ્રભાઈ પ્રતાપરાય ભટ્ટ, અમદાવાદ, ઉં.વ. ૬૭, અક્ષરવાસ તા. ૩૧-૧૨-૨૦૨૩



શ્રી ઉપેન્દ્રભાઈ ભટ્ટ મૂળ ભાવનગરના વતની. તેઓએ એલએલ.બી. સુધીનો અભ્યાસ ભાવનગરમાં કર્યો હતો. ત્યારબાદ ૧૯૭૮માં અમદાવાદ આવ્યા ને અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં નોકરીમાં જોડાયા. સન ૧૯૮૧માં ઊજવાયેલા ભગવાન શ્રી સ્વામિનારાયણ દ્વિશતાબ્દી મહોત્સવની સેવામાં હતા તે વખતે બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજે કરેલી આજ્ઞાને અધ્ધર ઝીલીને યુવાન વયથી જ બી.એ.પી.એસ. સંસ્થામાં કાનૂની સલાહકાર તરીકેની સેવામાં ઉત્સાહપૂર્વક જોડાઈ ગયા હતા. ત્યારબાદ સતત ૪૦ વર્ષ સુધી સંસ્થાની અનેકવિધ જાહેર સેવાપ્રવૃત્તિઓ, કાનૂની કાર્યવાહીઓ, સરકારી સંકલન વગેરેમાં કાનૂની સલાહકાર તરીકે તેમની કાર્યદક્ષતાનો સતત લાભ મળતો રહ્યો. ગુણાતીત ગુરુવર્યોની રુચિ મુજબ વર્ષો સુધી સંસ્થામાં વફાદારી અને પ્રામાણિકતાપૂર્વક સમર્પણભાવે સેવા કરીને તેમણે ગુણાતીત ગુરુવર્યોનો રાજીપો પ્રાપ્ત કર્યો હતો. આમ, ભક્તિ, સત્સંગ, સેવા, નિષ્ઠા અને સમર્પણના રંગે રંગાયેલા શ્રી ઉપેન્દ્રભાઈ ભટ્ટના અક્ષરવાસથી સંસ્થાને એક સેવાભાવી હરિભક્તની ખોટ પડી છે. તેઓશ્રીને હાર્દિક શ્રદ્ધાંજલિ...

## બી.એ.પી.એસ. સ્વામિનારાયણ છાત્રાલય, જૂનાગઢ

**પ્રવેશ તેમજ સ્ટાફ અંગે**

પ્રથમ વર્ષથી જ સૌરાષ્ટ્રમાં વિખ્યાત થયેલ બી.એ.પી.એસ. સ્વામિનારાયણ વિદ્યામંદિર, જૂનાગઢમાં જૂન-૨૦૨૪થી ગુજરાતી તથા અંગ્રેજી માધ્યમમાં ધોરણ ૬ થી ૧૦ અને ધોરણ ૧૧-૧૨ સાયન્સ/કોમર્સ (ગુજરાત બોર્ડ)માં પ્રવેશ મેળવવા ઇચ્છતા વિદ્યાર્થીઓએ નીચે દર્શાવેલા QR Codeને સ્કેન કરી અથવા ગૂગલ લિંક https://forms.gle/wcYBZz2ZA1JgjSSP9 દ્વારા ગૂગલ ફૉર્મ ભરી સબમિટ કરવાનું રહેશે. પ્રવેશ પરીક્ષા માટે આપને ફોન દ્વારા બોલાવવામાં આવશે. પ્રવેશ પરીક્ષામાં હાલના ધોરણના ગણિત, વિજ્ઞાન, અંગ્રેજી તથા સત્સંગલક્ષી પ્રશ્નો પુછાશે. આગળના વર્ષના વાર્ષિક પરિણામની માર્કશીટની એક નકલ સાથે લાવવી.

**બિન શિક્ષક સ્ટાફ અંગે :** છાત્રાલયમાં ગૃહપતિ તરીકે સેવા આપવા ઇચ્છતા ઉમેદવારોએ છાત્રાલયના સરનામા અથવા ઈ-મેઈલઃ info.svmjunagadh@baps.edu.in પર ફોટા અને શૈક્ષણિક લાયકાત સહિત સંપૂર્ણ વિગત સાથે અરજી કરવી.

**સરનામું :** બી.એ.પી.એસ. સ્વામિનારાયણ વિદ્યામંદિર, અક્ષરવાડી, પ્રમુખસ્વામી માર્ગ, જૂનાગઢ - ૩૬૫૦૧૦.

**સંપર્ક :** મો. ૯૯૯૮૯૯૩૨૨૬/૯૯૯૮૯૯૩૨૨૭

# બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાનાં વિવિધ કેન્દ્રોમાં લોકસેવા અને આધ્યાત્મિક કાર્યક્રમોનાં વિવિધ વૃત્ત

## ન્યૂયોર્કમાં સિરાક્યુઝ ખાતે મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ



અમેરિકાના ન્યૂયોર્ક રાજ્યના સિરાક્યૂઝ શહેરમાં ભારતીય સંસ્કૃતિનો જયનાદ કરતું બી.એ.પી.એસ. મંદિર સન ૨૦૦૬માં પ્રતિષ્ઠિત થયું હતું. આ વર્ષે મંદિરને વિશેષ સગવડયુક્ત બનાવવાના હેતુથી નવીનીકરણ કરવામાં આવતા પ્રતિષ્ઠા ઉત્સવ યોજાયો હતો. તે ઉપક્રમે તા. ૨૮-૭-૨૦૨૩ના રોજ મહંત સ્વામી મહારાજના હસ્તે વેદોક્તવિધિપૂર્વક પ્રતિષ્ઠિત થયેલી મૂર્તિઓનો સ્થાપનવિધિ તા. ૪-૧૧-૨૦૨૩ના રોજ મહાપૂજાવિધિ પછી યજ્ઞવલ્લભદાસ સ્વામી અને જ્ઞાનપ્રિયદાસ સ્વામીની ઉપસ્થિતિમાં સંપન્ન થયો. પ્રતિષ્ઠાવિધિ બાદ અન્નકૂટ અને આરતી અર્ઘ્ય અર્પીને ઉપસ્થિત સૌએ સંતોની કથાવાર્તાનો લાભ કર્યો હતો. ◆

## કેનબેરા ખાતે કોમ્યુનિટી સેન્ટરનું ઉદ્‌ઘાટન



ઓસ્ટ્રેલિયાની રાજધાની કેનબેરામાં નિર્માણાધીન બી.એ.પી.એસ. મંદિરમાં તા. ૮-૧૨-૨૦૨૩ના રોજ કોમ્યુનિટી સેન્ટર અને મંદિરનો પ્રાસાદ પ્રવેશવિધિ પરમચિંતનદાસ સ્વામી અને સંતોની ઉપસ્થિતિમાં યોજાયો હતો. તે ઉપક્રમે યોજાયેલી વૈદિક મહાપૂજામાં ભક્તો-ભાવિકો સંમિલિત થઈને વિશ્વભરમાં શાંતિ, સંવાદિતા, સુખાકારી માટે પ્રાર્થના કરી હતી. પૂજ્ય મહંત સ્વામી મહારાજના આશીર્વાદથી આ સેન્ટરમાં ભારતના સાંસ્કૃતિક અને આધ્યાત્મિક મૂલ્યોની જાળવણી માટે બાળકો અને યુવાનો માટે ભાષાના વર્ગો, સંગીતકળાનું શિક્ષણ તેમજ વયસ્કો માટે વિવિધ પ્રવૃત્તિઓ અને કાર્યક્રમોની શૃંખલા યોજાતી રહેશે. ◆

## ભાવનગર યુવાપ્રવૃત્તિએ યોજી દર્શનયાત્રા શિબિર



પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજનો સંકલ્પ 'ભાવનગર રંગવું છે' તે પૂર્ણ કરવાની કટિબદ્ધતા સાથે ભાવનગર યુવાપાંખના ચુનંદા ૬૩૦ યુવક-યુવતીઓની શિબિર નાસિક ખાતે તા. ૧૫ થી ૨૨-૧૧-'૨૩ દરમ્યાન યોજાઈ હતી. શિબિરાર્થીઓએ નવસારી, પૂના, તિથલ, ચાણસદ, બોચાસણ, મહેળાવ, વડતાલ મંદિરનાં દર્શન કર્યાં હતા. નાસિકમાં પૂજ્ય ડૉક્ટર સ્વામીએ બળભર્યાં આશીર્વચન પાઠવીને ગુરુહરિના સંકલ્પને સાકાર કરવા સૌને વિશેષ કટિબદ્ધ કર્યા હતા. ઉપરોક્ત મંદિરોમાં યોજાયેલા છત્રોમાં પ્રવચનો, સંવાદ, સ્કિટ, વર્કશોપ જેવા કાર્યક્રમો યોજાયા. અંતે બોચાસણમાં સ્વામીશ્રીનાં દર્શનનો લાભ પ્રાપ્ત કર્યો હતો. ◆

# બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાનાં વિવિધ કેન્દ્રોમાં લોકસેવા અને આધ્યાત્મિક કાર્યક્રમોનાં વિવિધ વૃત્ત

## ચાણસદ ખાતે યોજાઈ મૅડિકલ કોન્ફરન્સ

ધર્મ અને વિજ્ઞાન એકબીજાના પ્રતિસ્પર્ધી નહીં, પરંતુ એકબીજાના પૂરક છે તે વિધાનને સાર્થક કરતી છેલ્લાં ૨૩ વર્ષથી કાર્યરત બી.એ.પી.એસ. શાસ્ત્રીજી મહારાજ હૉસ્પિટલ દ્વારા ૧૭-૧૨-૨૦૨૩ના રોજ ગુરુહરિ પ્રાગટ્યસ્થાન, ચાણસદ ખાતે આધ્યાત્મિક પરિષદનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કોન્ફરન્સમાં ૫૨૧થી વધારે સુવિખ્યાત તબીબો, ૧૦૦ તબીબ ક્ષેત્રે અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ તથા તેમના ૨૫૭ પરિવારજનો ઉપસ્થિત રહ્યા હતા. તેમાં પૂજ્ય વિવેકસાગરદાસ સ્વામી દ્વારા 'વૈદ્યો નારાયણો હરિઃ' અને ડૉ. જ્ઞાનવત્સલદાસ સ્વામી દ્વારા 'Healing the Healers' વક્તવ્ય રજૂ કરવામાં આવ્યું હતું. ◆




## સંસ્થા દ્વારા ઠેર ઠેર યોજાયું સ્વચ્છતા અભિયાન

ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ દેશવાસીઓને તા. ૨ ઑક્ટોબરના રોજ સ્વચ્છતા માટે એક કલાક શ્રમદાન કરવાનું જાહેર આહ્‌વાન કર્યું હતું. તે ઉપક્રમે સ્વામીશ્રીની આજ્ઞાથી બી.એ.પી.એસ. સંસ્થા દ્વારા ઠેર ઠેર સ્વચ્છતા અભિયાન યોજાયું હતું. બોટાદ સત્સંગમંડળ દ્વારા તા. ૧૭-૧૨-૨૦૨૩ના રોજ ૨૦૦થી વધારે મહિલા, પુરુષો અને યુવાનોએ બસ સ્ટેશનની સ્વચ્છતા કરી હતી. સાથે સાથે મુસાફરોને સ્વચ્છતા અંગે જાગૃત કરીને સૌને પ્રતિજ્ઞાબદ્ધ કર્યા હતા. સ્વચ્છતા અંગે જાગૃતિ આવે તે માટે વિવિધ ફ્લોટ અને બેનરો સાથેની જાગૃતિયાત્રા યોજીને બોટાદ શહેરમાં સ્વચ્છતાનો સંદેશ પ્રસરાવ્યો હતો. ◆



## અમરેલી મંદિર ખાતે યોજાયો રક્તદાન યજ્ઞ

અસંખ્ય લોકોને આધ્યાત્મિક પ્રેરણા આપીને સૌના જીવનઉત્કર્ષ માટે જીવન ન્યોછાવર કરનારા સંતવિભૂતિ પ્રમુખસ્વામી મહારાજની ૧૦૨મી જન્મજયંતીના ઉપક્રમે, અમરેલી ખાતે નિર્માણાધીન બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરમાં રક્તદાન યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું. રક્તદાન કરવા માટે હરિભક્તોની લાંબી કતાર લાગી હતી. સંતો અને હરિભક્તોએ ૯૦ બોટલ રક્તદાન કરીને પૂજ્ય મહંત સ્વામી મહારાજની પ્રસન્નતા પ્રાપ્ત કરી હતી. આ રક્ત સંસ્થા દ્વારા નિઃશુલ્ક રીતે ઇન્ડિયન રેડક્રોસ બ્લડ બેંકને અર્પણ કરાયું હતું. આમ નિઃસ્વાર્થ ભાવે સેવાકાર્ય કરીને સૌએ ગુરુહરિના દિવ્ય મહિમાનો વિસ્તાર કર્યો હતો. ◆



## બી.એ.પી.એસ. સ્વામિનારાયણ વિદ્યામંદિર અટલાદરા, વડોદરા — પ્રવેશ અંગે

બી.એ.પી.એસ. સ્વામિનારાયણ વિદ્યામંદિર અટલાદરામાં શૈક્ષણિક વર્ષ જૂન ૨૦૨૪થી પ્લે ગ્રૂપથી ધોરણ ૧૨ (વિજ્ઞાન પ્રવાહ અને સામાન્ય પ્રવાહ) અંગ્રેજી માધ્યમ તથા ગુજરાતી માધ્યમ માટે શાળામાં પ્રવેશ મેળવવા ઇચ્છતા વિદ્યાર્થીઓના વાલીઓએ રૂબરૂ અથવા ટેલિફોનિક સંપર્ક કરવો. અહીં ધોરણ-૫ થી ૧૨ માટે છાત્રાલય સુવિધા ઉપલબ્ધ છે. એડમિશન માટે આવનાર વિદ્યાર્થીઓને હાલના ધોરણ પ્રમાણેના પ્રશ્નો પુછાશે. વિદ્યાર્થીનું આધારકાર્ડ/જન્મનું પ્રમાણપત્ર, હાલના પાસપોર્ટ સાઇઝના ફોટા અને આગળના વર્ષની વાર્ષિક પરિણામની નકલ સાથે લઈને આવવી. એડમિશન પ્રક્રિયા માટે લિંક https://qr.page/g/1ShOj39MjqM દ્વારા તથા અહીં દર્શાવેલ QR Code સ્કૅન કરીને રજિસ્ટ્રેશન ફોર્મ ભરી શકાશે.

ધો. ૧૧ કોમર્સ/સાયન્સમાં (અંગ્રેજી તથા ગુજરાતી માધ્યમ) પ્રવેશ માટે પણ ફોર્મ ભરી શકાશે.

**સરનામું:** બી.એ.પી.એસ. સ્વામિનારાયણ વિદ્યામંદિર, અટલાદરા-વડોદરા, પાદરા રોડ, વડોદરા-૩૯૦૦૧૨.

ફોન નંબર: ૯૯૯૮૯૯૧૦૪૦, Email: infosvmvdr@baps.edu.in Website: www.baps.org/svmvadodara

## બી.એ.પી.એસ. સ્વામિનારાયણ વિદ્યામંદિર, ખેરવા, મહેસાણા — સ્ટાફ અંગે

બી.એ.પી.એસ. સ્વામિનારાયણ વિદ્યામંદિર, ખેરવા, મહેસાણામાં આગામી સત્ર માટે (ગુજરાતી તથા અંગ્રેજી માધ્યમ) પ્રાથમિક, માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક (વિજ્ઞાન પ્રવાહ, સામાન્ય પ્રવાહ)માં સ્ટાફની જરૂરિયાત છે.

● વિષય : ભૌતિક વિજ્ઞાન, રસાયણ વિજ્ઞાન, જીવ વિજ્ઞાન, ગણિત, વિજ્ઞાન, એકાઉન્ટ, આંકડાશાસ્ત્ર, ઇકોનોમિક્સ, સામાજિક વિજ્ઞાન, કમ્પ્યૂટર, અંગ્રેજી તથા ભાષા વિષયના અનુભવી તથા તજજ્ઞ શિક્ષકોએ વિષય સાથે અરજી કરવી.

● લાયકાત : B.Sc., M.Sc., B.E., B.Tech., Diploma, B.Pharm., M.Pharm., P.T.C., B.A., M.A., B.B.A., M.B.A., B.Ed./ અનુભવી

● બિનશિક્ષક સ્ટાફ : છાત્રાલય ગૃહપતિ, ક્લાર્ક, કમ્પ્યૂટર ઓપરેટર, ગ્રાફિક ડિઝાઇનર, એકાઉન્ટન્ટ, મૅનેજર, સુપરવાઇઝર, સંગીત, મૅન્ટેનન્સ, સ્વચ્છતા તથા અન્ય સ્ટાફ પણ પોતાના સંપૂર્ણ બાયોડેટા, મોબાઇલ નંબર તથા અપેક્ષિત પગાર સાથે નીચે મુજબ અરજી કરવી. Email: admin.svmkherva@baps.edu.in પર ઈમેલ કરવો અથવા WhatsApp ૯૯૯૮૯૯૫૦૫૧ નંબર ઉપર અથવા ટપાલ દ્વારા નીચેના સરનામે અરજી કરવી.

● સરનામું: પ્રતિ, સંચાલક શ્રી, બી.એ.પી.એસ. સ્વામિનારાયણ વિદ્યામંદિર, ખેરવા, મહેસાણા, C/O બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિર, દૂધસાગર ડેરી પાસે, મહેસાણા-૩૮૪૦૦૨. મો. ૯૯૯૮૯૯૫૦૫૧

## બી.એ.પી.એસ. સ્વામિનારાયણ વિદ્યામંદિર બાકરોલ અને છાત્રાલય (APC) વિદ્યાનગર — પ્રવેશ અંગે

**બી.એ.પી.એસ. સ્વામિનારાયણ વિદ્યામંદિર, બાકરોલ :** ધો. ૬ થી ૧૦ ગુજરાતી અને અંગ્રેજી માધ્યમ - ધો. ૧૧ અને ૧૨ સાયન્સ ગુજરાતી અને અંગ્રેજી માધ્યમ. ધો. ૧૧ અને ૧૨ કોમર્સ ફક્ત ગુજરાતી માધ્યમમાં પ્રવેશ આપવામાં આવશે. આ વિદ્યામંદિરમાં JEE/NEETનું શિક્ષણ ધો. ૮ થી ૧૨ દરમ્યાન આપવામાં આવે છે. જૂન-૨૦૨૪થી શરૂ થતાં વર્ષ માટે પ્રવેશ અંગેની કાર્યવાહી શરૂ થઈ ગઈ છે.

**બી.એ.પી.એસ સ્વામિનારાયણ છાત્રાલય (એ.પી.સી.) વિદ્યાનગર :** ● ધો. ૧૧-૧૨માં અભ્યાસ કરવા ઇચ્છતા વિદ્યાર્થીઓ માટે ધો. ૧૦ના આધારે લેખિત પરીક્ષા (ગણિત, વિજ્ઞાન અને સત્સંગ પ્રશ્નોત્તરી) તથા ઇન્ટરવ્યૂના આધારે છાત્રાલયમાં પ્રવેશ મળશે. વિદ્યાર્થીઓએ પાસપોર્ટ સાઇઝનો ફોટો-૧, આધાર કાર્ડની ઝેરોક્ષ, ધો. ૯ અને ૧૧ના પરિણામની ઝેરોક્ષ તથા બેન્ક પાસબુકના પ્રથમ પેજની ઝેરોક્ષ લઈને પોતાના વાલી સહિત ઇન્ટરવ્યૂ સ્થળે આવવાનું રહેશે.

● ધો. ૧૧-૧૨ માટે લેખિત પરીક્ષાની તારીખ, સમય અને ઇન્ટરવ્યૂ સ્થળ: તા. ૩૧-૩-૨૦૨૪ (રવિવાર) અથવા તા. ૧૪-૪-૨૦૨૪ (રવિવાર), સવારે ૮:૦૦ થી ૯:૩૦ દરમિયાન ઇન્ટરવ્યૂ સ્થળ ઉપર હાજર થવાનું રહેશે. (**નોંધ:** વિદ્યાર્થીએ લેખિત પરીક્ષા અને ઇન્ટરવ્યૂ માટે કોઈપણ એક જ દિવસ પસંદ કરવાનો રહેશે.)

**વિદ્યાનગર સરનામું:** બી.એ.પી.એસ. છાત્રાલય (APC), પ્રમુખસ્વામી સર્કલ, ભાઈકાકા માર્ગ, વલ્લભ વિદ્યાનગર - ૩૮૮૧૨૦. છાત્રાલયની વધુ માહિતી માટે: મેહુલભાઈ પટેલ (જોઈન્ટ ઓફિસ) ૯૯૯૮૯૯૦૨૩૦. વિદ્યામંદિરની વધુ માહિતી માટે: ધો. ૬ થી ૧૦ અંગ્રેજી માધ્યમ માટે ગુલશનભાઈ - ૯૦૯૯૬૬૧૪૯૮. ધો. ૬ થી ૧૦ ગુજરાતી માધ્યમ અને ૧૧-૧૨ કોમર્સ માટે હિરેનભાઈ - ૯૮૭૯૯૬૭૫૧૨. ધો. ૧૧-૧૨ સાયન્સ ગુજરાતી અને અંગ્રેજી માધ્યમ માટે મુકેશભાઈ - ૯૯૦૯૩૯૭૨૮૧

**વિશેષ નોંધ:** છાત્રાલયમાં ફક્ત ધો. ૧૧-૧૨ના બી.એ.પી.એસ. વિદ્યામંદિર (બાકરોલ)ના વિદ્યાર્થીઓને જ પ્રવેશ આપવામાં આવે છે, છાત્રાલયથી વિદ્યામંદિર આવવા જવા માટે બસની સુવિધા છે. છાત્રાલયના એડમિશન માટે સૌપ્રથમ ONLINE LINK દ્વારા ફોર્મ ભરવાનું રહેશે, જે તા. ૧-૨-૨૦૨૪ (ગુરુવાર)થી છાત્રાલયના મોબાઇલ નં. ૯૯૯૮૯૯૦૨૩૦ ઉપરથી WhatsApp અથવા ફોન દ્વારા પ્રાપ્ત કરી શકશો.









નડિયાદમાં ભવ્ય શિખરબદ્ધ બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરના પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવના મુખ્ય સમારોહમાં મંચ પર બિરાજમાન પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ અને સંતો-મહાનુભાવો. જગદ્‌ગુરુ પૂજ્ય શ્રી અવિચલદાસજી મહારાજ અને મહંત સ્વામી મહારાજનું સંમિલન, સમારોહને સંબોધતા પ્રસન્ન મુદ્રામાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને વિશાળ ભક્ત સમુદાય...

Swaminarayan Prakash Gujarati, February-2024, Published on 1-2-2024. Posted at Ahmedabad, P.S.O. 1st to 4th on Every Month. Regd No. GAMC-274/2024-2026, Valid upto 31-12-2026, RNI 33506/79. Licenced to post without prepayment No. PMG/NG/009/2024-2026, Valid upto 31-12-2026.








તીર્થભૂમિ અયોધ્યામાં શ્રી રામજન્મભૂમિ પર નવનિર્મિત ભવ્ય મંદિરના પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવમાં જીવંત પ્રસારણના માધ્યમથી જોડાઈને સુરતમાં બિરાજમાન પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે હજારોની ભક્તમેદની સાથે વેદોક્ત વિધિપૂર્વક દીપોત્સવ સાથે ભગવાન શ્રી રામલલ્લાને વધાવ્યા. તેઓના આદેશથી દેશ-વિદેશનાં ૧,૫૦૦થી વધુ બી.એ.પી.એસ. મંદિરોમાં આ જ રીતે સંતો-ભક્તોએ ભગવાન શ્રી રામની પધરામણીને ધામધૂમથી વધાવી...



Printed and Published by Sadhu Keshavjivandas on behalf of Swaminarayan Aksharpith. Printed at Swaminarayan Mudran Mandir, Shahibaug Rd., Ahmedabad - 4 and published from Swaminarayan Aksharpith, Shahibaug Rd., Ahmedabad-4. Editor - Sadhu Swayamprakashdas